


# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PRGI No. GUJGUJ/2008/26148

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 256
Dt.: 28-05-2026,
Thursday
Page : 04
Rs.00.50 paisa


# SIR પ્રક્રિયા હાથ ધરવી ચૂંટણી પંચને અધિકાર: સુપ્રીમ કોર્ટે તમામ અરજી ફગાવીને આપ્યો ચુકાદો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મતદાર યાદીના વિશેષ અને ગહન પુનઃનિરીક્ષણ કાર્યને લઈને સુપ્રીમ કોર્ટે આજે મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી છે કે, ભારત સરકારના ચૂંટણી પંચ (ECI) પાસે SIR પ્રક્રિયા હાથ ધરવાનો સંપૂર્ણ કાનૂની અધિકાર છે. મતદાર યાદીનું વિશેષ ગહન પુનઃનિરીક્ષણ બંધારણીય અને માન્ય છે. ચૂંટણી પંચ પાસે મતદાર યાદી નિષ્પક્ષ અને શુદ્ધ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. કોર્ટે આ પ્રક્રિયાને પડકારતી અરજીઓ પર સુનાવણી કરતાં ચૂંટણી પંચના પક્ષમાં ચુકાદો આપ્યો છે.

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે બુધવારે આ ચુકાદો સંભળાવ્યો હતો. આ બાબતે કોર્ટે કેટલીક મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે, જે આ પ્રમાણે છે. સુપ્રીમ કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે, ચૂંટણી પંચ એક સ્વાયત્ત બંધારણીય સંસ્થા છે. દેશમાં મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ કરાવવા માટે એક સચોટ મતદાર યાદી તૈયાર કરવી તેની પ્રાથમિક જવાબદારી છે. કોર્ટે સ્વીકાર્યું કે કોઈ વિશેષ સંજોગોનું નિર્માણ થાય ત્યારે સામાન્ય પ્રક્રિયાથી હટીને કોઈ અલગ કે વિશેષ પ્રક્રિયા અપનાવવી તે બંધારણ અથવા પ્રચલિત કાયદાની વિરુદ્ધ નથી. આથી ચૂંટણી પંચ પાસે SIR લાગુ કરવાની અને આ વિશેષ અભિયાન ચલાવવાની પૂરી સત્તા છે.

બિહારમાં ચૂંટણી પંચ દ્વારા જ્યારે આ વિશેષ ઝુંબેશ શરૂ કરાઈ, ત્યારે તેને પડકારવામાં આવી હતી. અરજદારોનો દાવો હતો કે આ પ્રક્રિયા સામાન્ય સુધારા અથવા સંશોધનની પદ્ધતિ કરતાં તદ્દન અલગ છે અને તેનાથી મતદારોના અધિકારો જોખમાઈ શકે છે. આ દલીલનો જવાબ આપતા સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, માત્ર એટલા જ કારણસર કોઈ પ્રક્રિયાને અલ્ટ્રા વાયર્સ (ગેરકાનૂની કે સત્તા બહારની) ગણાવીને રદ ન કરી શકાય કે તે મતદાર યાદીના સુધારાની સામાન્ય પ્રક્રિયા કરતાં થોડી જુદી છે. કોર્ટે સ્પષ્ટતા કરી કે, ચૂંટણી પંચ દ્વારા ઓળખની ખરાઈ માટે નક્કી કરાયેલા ૧૧ દસ્તાવેજોના જૂથ પર વિચારણા કર્યા બાદ અને કોર્ટના આદેશો દ્વારા તેમાં આધાર કાર્ડ નો પણ સમાવેશ કરી દેવાયા પછી, પંચ દ્વારા માંગવામાં આવેલા દસ્તાવેજો મનસ્વી કે ભેદભાવપૂર્ણ છે તેવી દલીલને બિલકુલ સ્વીકારી શકાય નહીં. આ પ્રક્રિયા કાયદેસર છે.

આ મામલે વિપક્ષો અને અરજદારો દ્વારા આક્ષેપ કરાયો હતો કે ચૂંટણી પંચ દ્વારા ચલાવાઈ રહેલું આ SIR અભિયાન વાસ્તવમાં પાછલા બારણેથી દેશની નાગરિકતાની ચકાસણી કરવા જેવું છે. આ આશંકાઓ ફગાવતા સુપ્રીમ કોર્ટે ખૂબ જ મહત્ત્વની સ્પષ્ટતા કરી કે, આ વિશેષ પ્રક્રિયા અંતર્ગત જો કોઈ વ્યક્તિનું નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવે, તો તેનો અર્થ એ નથી કે તે વ્યક્તિની ભારતની નાગરિકતા જતી રહી છે.

સુપ્રીમ કોર્ટની બેન્ચે સત્તાવાર ક્ષેત્રાધિકારની મર્યાદા સ્પષ્ટ કરતા કહ્યું કે, ચૂંટણી પંચ નાગરિકતાના સવાલને માત્ર એટલા જ સીમિત અને ચોક્કસ દાયરામાં જોઈ શકે છે કે કયા વ્યક્તિનું નામ મતદાર યાદીમાં રાખવાને લાયક છે અને કોનું નથી. ચૂંટણી પંચ પાસે કોઈનું નામ મતદાર યાદીમાંથી કમી કરવાનો અધિકાર ચોક્કસ છે, પરંતુ તેના આધારે તે વ્યક્તિ ભારતનો નાગરિક રહ્યો નથી તેવું સાબિત થતું નથી. ભારતમાં કોઈની નાગરિકતા નક્કી કરવાની કાનૂની સત્તા કે કામગીરી ચૂંટણી પંચની નથી. સુપ્રીમ કોર્ટે ચુકાદામાં જણાવ્યું કે SIR કાયદેસર રીતે માન્ય છે, તેથી તે લોકપ્રતિનિધિત્વ અધિનિયમનું ઉલ્લંઘન થતું નથી.



## બપોરના તીવ્ર તડકામાં બહાર ન નીકળવા મોદીની સલાહ

# પોતાને હાઈડ્રેડ રાખો; કોઈ તરસ્યાને જરૂર પીવડાવો પાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના ઘણા ભાગોમાં વધતી જતી તીવ્ર ગરમી અને હીટવેવ ચાલુ છે. કેટલીક જગ્યાએ તાપમાન ૪૬ થી ૪૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. ગરમી આપણા સ્વાસ્થ્ય પર સીધી અસર કરે છે અને ઘણી સ્વાસ્થ્ય સમસ્યાઓનું જોખમ વધી શકે છે. ગરમીને ધ્યાનમાં રાખીને, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને સતર્ક રહેવા અને સાવચેતી રાખવા અપીલ કરી છે. તેમણે આ ગરમીમાં દરેકને પુષ્કળ પાણી પીવા અને હાઈડ્રેટેડ રહેવા વિનંતી કરી. તેમણે લોકોને, દાદા-દાદી નાના-નાની જેવા વૃદ્ધોની સંભાળ રાખવા પણ વિનંતી કરી.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ X પર લખ્યું, "દેશના વિવિધ ભાગોમાં તાપમાન સતત વધી રહ્યું છે, અને તેની સાથે, ગરમીને કારણે રોજિંદા જીવનમાં ઘણી મુશ્કેલીઓ પણ વધી રહી છે. હું મારા બધા દેશવાસીઓને શક્ય તેટલી સાવચેતી રાખવા વિનંતી કરું છું. કૃપા કરીને તમારી જાતને હાઈડ્રેટેડ રાખો, અને ઘરની બહાર નીકળતી વખતે પાણી સાથે રાખો. જો શક્ય હોય તો, તરસ્યા વ્યક્તિને એક ગ્લાસ પાણી આપો. હું એવા લોકોની પણ પ્રશંસા કરવા માંગુ છું જેઓ તેમના ઘરો અને દુકાનોની બહાર માટલામાં પાણી રાખે છે, જેથી કોઈપણ તેમાંથી પી શકે." તેમણે બીજા ટ્વીટમાં લખ્યું, "જ્યારે પણ શક્ય હોય, ત્યારે તમારા માતા-પિતા, દાદા-દાદી અને અન્ય પ્રિયજનોને ફોન કરીને તેમની તબિયત પૂછો. તેમને પુષ્કળ પાણી પીવા, બપોરના તડકામાં બહાર જવાનું ટાળવા અને શક્ય તેટલો આરામ કરવાની સલાહ આપો. આ તીવ્ર ગરમીમાં, આપણે આપણી આસપાસના પ્રાણીઓ અને પક્ષીઓને પણ ભૂલવું ન જોઈએ. તમારા ઘર, બાલ્કની, ટેરેસ, દુકાન અથવા ઓફિસની બહાર પાણીનો એક નાનો જગ રાખવો, જે તરસ્યા પક્ષી માટે જીવન બચાવનાર બની શકે છે. ચાલો આ મુશ્કેલ દિવસોમાં અત્યંત સંવેદનશીલતા અને કરુણા સાથે એકબીજાની સંભાળ રાખીએ."

આરોગ્ય નિષ્ણાતોના મતે, ઉનાળામાં શરીરનું તાપમાન જાળવવા માટે હાઈડ્રેશન ખૂબ જ જરૂરી છે, કારણ કે સૂર્યપ્રકાશ અને પરસેવાના કારણે શરીરમાં પાણી અને આવશ્યક ઈલેક્ટ્રોલાઈટ્સનો ઝડપથી ઘટાડો થઈ જાય છે. સમયસર પૂરતા પ્રમાણમાં પાણી ન પીવાથી ડિહાઈડ્રેશન થઈ શકે છે, જે નબળાઈ, ચક્કર, માથાનો દુખાવો, થાક અને હીટ સ્ટ્રોકનું જોખમ પણ વધારી શકે છે. યોગ્ય હાઈડ્રેશન શરીરના અવયવોને યોગ્ય રીતે કાર્ય કરવામાં મદદ કરે છે, પાચનમાં સુધારો કરે છે અને સ્વસ્થ ત્વચા જાળવી રાખે છે. તેથી, ઉનાળામાં વારંવાર પાણી પીવું અને લીંબુ પાણી અને નાળિયેર પાણી જેવા પ્રવાહીનું સેવન કરવું શરીરને ઠંડુ અને સુરક્ષિત રાખવા માટે ખૂબ જ જરૂરી છે.

## ૧૦ મહિના પછી કૂટનીતિક જીત બાદ હવે ઘરવાપસી

# ઈરાનની જેલમાં કેદ ૧૦ ભારતીય નાવિકો મુક્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાનમાં જુલાઈ ૨૦૨૫થી જેલમાં બંધ ૧૦ ભારતીય નાવિકોને લાંબી કાનૂની અને રાજદ્વારી મંત્રણા બાદ આખરે મુક્ત કરવામાં આવ્યા છે. ભારતના શિપિંગ સત્તાવાળાઓએ મંગળવારે મોડી રાત્રે આ અંગેની સત્તાવાર જાહેરાત કરી હતી. ડાયરેક્ટોરેટ જનરલ ઓફ શિપિંગના જણાવ્યા મુજબ, આ તમામ નાવિકો એમવી હાર્બર ફીનિક્સ નામના ઓઈલ ટેન્કર જહાજ પર કામ કરતા હતા, જેમને જુલાઈ ૨૦૨૫માં જાસક પોર્ટ નજીકથી ઈરાની સુરક્ષા દળોએ અટકાયતમાં લીધા હતા. શિપિંગ ઓથોરિટીએ સ્પષ્ટ કર્યું છે કે અત્યારે આ તમામ નાવિકો એકદમ સુરક્ષિત છે અને તેમને વહેલી તકે ભારત પરત લાવવા માટેની જરૂરી પ્રક્રિયા પણ શરૂ કરી દેવામાં આવી છે. જહાજ ટ્રેક કરતી વેબસાઈટ્સના રિપોર્ટ મુજબ, આ ઓઈલ ટેન્કર પલાઉ દેશના ધ્વજ સાથે ક્રૂડ ઓઈલ અને અન્ય પેટ્રોલિયમ વસ્તુઓ લઈને જઈ રહ્યું હતું. ભારત અને ઈરાન વચ્ચે વર્ષો જૂના રાજદ્વારી અને ઊર્જા સંબંધો છે, પરંતુ ઈરાનની સેના ખાડી વિસ્તારમાં ગેરકાયદેસર રીતે ઈંધણ લઈ જતા જહાજોને અવારનવાર પકડી લેતી હોય છે. આ સંવેદનશીલ બાબતમાં ભારતે જાહેરમાં કોઈ બિનજરૂરી નિવેદનો આપવાને બદલે શાંત વ્યૂહનીતિ અને મજબૂત કૂટનીતિ વાપરીને ઈરાન સરકાર સાથે સતત વાતચીત ચાલુ રાખી હતી, જેના કારણે જ આ નાવિકોની મુક્તિ શક્ય બની છે. અત્યારે ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દરિયાઈ માર્ગ પરથી પસાર થતા જહાજો પર કડક નિયંત્રણો અને પાબંદીઓ લગાવી દીધી છે. આ એ જ વ્યૂહાત્મક દરિયાઈ રસ્તો છે, જ્યાંથી આખી દુનિયાના કુલ વપરાશનો અંદાજે ૫મો ભાગ (૨૦%) ક્રૂડ ઓઈલ અને એલએનજી સપ્લાય થાય છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા શરૂ કરાયેલા હુમલા બાદ ઈરાને આ દરિયાઈ માર્ગ પર પોતાની સખ્તાઈ વધારી દીધી છે. દુનિયામાં ક્રૂડ ઓઈલ ખરીદવામાં ભારત ત્રીજા ક્રમે આવે છે. ભારત પોતાની જરૂરિયાતનું અંદાજે અડધું ક્રૂડ ઓઈલ આ સ્ટ્રેટ ઓફ હોર્મુઝના દરિયાઈ માર્ગેથી જ આયાત કરે છે. વિશ્વના મર્ચન્ટ નેવી વર્કફોર્સમાં ભારતીય નાવિકોની સંખ્યા ઘણી મોટી છે અને હજારો ભારતીયો ખાડી વિસ્તારના આ દરિયાઈ રસ્તાઓ પર રાત-દિવસ કામ કરે છે. ભારતનો સત્તાવાર સ્ટેન્ડ પણ એ જ રહ્યો છે કે મિડલ ઈસ્ટમાં વહેલી તકે શાંતિ સ્થપાય અને હોર્મુઝ દરિયાઈ માર્ગેથી કોઈ પણ અડચણ વગર વૈશ્વિક વ્યાપાર ચાલતો રહે.

## તમિલનાડુના મુખ્યમંત્રી બન્યા પછી વિજય ચર્ચામાં

# મુખ્યમંત્રી થલપતિ વિજયે PM મોદી સાથે કરી મુલાકાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

તમિલનાડુના મુખ્યમંત્રી બન્યા પછી થલાપતિ વિજય ચર્ચામાં રહે છે. સુપરસ્ટાર મુખ્યમંત્રીએ હવે દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે પહેલી મુલાકાત કરી છે. બુધવારે સવારે દિલ્હી પહોંચેલા વિજયે કેન્દ્ર સરકાર સાથે તમિલનાડુની પડતર માંગણીઓ પર ચર્ચા કરી. તમિલનાડુના નવા મુખ્યમંત્રી જોસેફ વિજય પદ સંભાળ્યા પછી પહેલી વાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળવા દિલ્હી ગયા છે. આ મુલાકાત દરમિયાન તેમણે કેન્દ્ર સરકાર સાથે તમિલનાડુની લાંબા સમયથી પડતર માંગણીઓ પર ચર્ચા કરી. વિજય તમિલનાડુના વિકાસને લગતા અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવા દિલ્હી પહોચ્યા છે. તેમની મુલાકાતનો સંપૂર્ણ એજન્ડા જાહેર કરવામાં આવ્યો નથી, પરંતુ એવું માનવામાં આવે છે કે તેઓ પ્રધાનમંત્રી ઉપરાંત અન્ય ઘણી રાજકીય હસ્તીઓ સાથે મુલાકાત કરી શકે છે.

દિલ્હી પહોંચ્યા પછી વિજય પહેલા મધ્ય દિલ્હીમાં તમિલનાડુ હાઉસ ગયા. પ્રધાનમંત્રી મોદી સાથે તેમની મુલાકાત સાંજે ૪:૩૦ વાગ્યે નક્કી કરવામાં આવી હતી. સાંજે વિજય સેવા તીર્થમાં પ્રધાનમંત્રીને મળવા ગયા. બંનેની લગભગ ૨૫ મિનિટ સુધી મીટિંગ ચાલી હતી. આ બેઠકમાં વિજય અને પીએમ મોદી વચ્ચે થયેલી વાતચીતની વિગતો સામે આવે તેની હજુ પણ રાહ જોવાઈ રહી છે.

## ઉત્તરાખંડ, ગુજરાત બાદ કાયદો લાગુ કરનાર ત્રીજું રાજ્ય

# આસામ વિધાનસભામાં UCC બિલ પસાર કરાયું

### યુસીસી (UCC) હેઠળ, દ્વિપત્નીત્વ અથવા બહુપત્નીત્વ કરવાથી સાત વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)દિસપુર

આસામ વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડ(UCC) બિલ પસાર થઈ ગયું છે. આ બિલ પસાર થતાં ઘણા નિયમોમાં ફેરફાર થવાની તૈયારી છે. UCC હેઠળ, દ્વિપત્નીત્વ અથવા બહુપત્નીત્વ કરવાથી સાત વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે. તેમજ ઈરાદાપૂર્વક ૬૦ દિવસની અંદર લગ્ન અથવા છૂટાછેડાની નોંધણી ન કરવામાં આવે તો રૂ.૧૦,૦૦૦ના દંડની જોગવાઈ પણ કરવામાં આવી છે. UCC પર આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ જણાવ્યું હતું કે, આ કાયદાનો ઉદ્દેશ્ય લઘુમતી સમુદાયોની મહિલાઓ માટે વધુ સુરક્ષા અને ન્યાય સુનિશ્ચિત કરવાનો છે.

જો કે, AIMIM પ્રમુખ અસદુદ્દીન ઓવૈસી સહિત ઘણા મુસ્લિમ નેતાઓ આ બિલ મામલે વિરોધ નોંધાવી રહ્યા છે. UCC બિલની ટીકા કરતા ઓવૈસીએ તેને મુસ્લિમો પર હિન્દુ કાયદા લાદવાનો "પરોક્ષ પ્રયાસ" ગણાવ્યો છે.

ઓવૈસીએ દાવો કર્યો હતો કે, આ બિલ હેઠળ ઉત્તરાધિકાર, વારસો અને છૂટાછેડા સંબંધિત બાબતોમાં હિન્દુ સિદ્ધાંતો લાદવામાં આવી રહ્યા છે. આસામમાં UCC બિલ પસાર થયા પછી થનારા ૧૦ ફેરફારો વિશે જાણકારી મેળવીએ.

- સંપૂર્ણ સમાનતા અને સામાન્ય ન્યાય સુનિશ્ચિત કરવા માટે UCC વિવિધ ધર્મ-આધારિત વ્યક્તિગત કાયદાઓને રિપ્લેસ કરશે, પરંતુ આમાંથી અનુસૂચિત જનજાતિને બાકાત રાખવામાં આવ્યા છે.

- UCC હેઠળ દ્વિપત્નીત્વ અને બહુપત્નીત્વ સંબંધિત નિયમો અત્યંત કડક બનાવવામાં આવ્યા છે. આમ આ પ્રકારનું કૃત્ય કરનારા સામે મ્નરૂજી ૨૦૨૩ની કલમ ૮૨ હેઠળ સાત વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

- UCC એકપત્નીત્વને અનિવાર્ય બનાવે છે. જો કોઈ એક કરતાં વધુ લગ્ન કરે છે, તો આવા લગ્ન ગેરકાયદે ગણવામાં આવશે. લગ્ન માટે વરરાજાની ઉંમર ૨૧ વર્ષ અને કન્યાની ૧૮ વર્ષની ઉંમર મર્યાદા કાયદાકીય રીતે નિર્ધારિત કરવામાં આવી છે.

- UCC સાંસ્કૃતિક વિવિધતાનું રક્ષણ કરતી વખતે રિવાજોનું પાલન કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપે છે, જેનાથી ધાર્મિક સમારોહ કે રીતિ રિવાજોના માધ્યમથી લગ્ન કરી શકાય.

- UCC છેતરપિંડી અટકાવવા માટે તમામ લગ્ન અને છૂટાછેડાની નોંધણી ફરજિયાત બનાવશે. યુગલોએ લગ્નના ૬૦ દિવસની અંદર સબ-રજિસ્ટ્રારને લગ્નનું મેમોરેન્ડમ સબમિટ કરવાનું રહેશે.

- આ કાયદો છૂટાછેડા માટે સમાન આધારો સ્થાપિત કરશે. જેમ કે ક્રૂરતા, ત્યાગ અથવા પરસ્પર સંમતિ અને ખાતરી કરશે કે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોની કસ્ટડી માતા પાસે રહે.

- UCC પ્રથમ-વર્ગના ઉત્તરાધિકારીઓ વચ્ચે વારસા માટે પસંદગીનો એક સમાન, લિંગ-તટસ્થ ક્રમ સ્થાપિત કરશે. જેમાં મૃતકના પતિ-પત્ની, બાળકો અને માતાપિતાને સમાન રીતે સમાવેશ કરવામાં આવશે.

- વસિયતનામા દ્વારા ઉત્તરાધિકાર અંગે કોઈપણ માનસિક રીતે સ્વસ્થ પુખ્ત વ્યક્તિને સાક્ષીઓની હાજરીમાં લેખિત વસિયતનામાનો અમલ કરવાનો કાનૂની અધિકાર આપવામાં આવે છે.

- ૬૦ દિવસની અંદર લગ્ન કે છૂટાછેડાની નોંધણી ઈરાદાપૂર્વક ન કરાવવા બદલ રૂ.૧૦,૦૦૦ રૂપિયાનો દંડ અને નોંધણી દરમિયાન બનાવટી કે બનાવટી દસ્તાવેજો સબમિટ કરવા બદલ ત્રણ મહિના સુધીની કેદ, ૨૫,૦૦૦ રૂપિયા સુધીનો દંડ અથવા બંનેની જોગવાઈ છે.

- UCC હેઠળ, લિવ-ઈન રિલેશનશિપની નોંધણી ફરજિયાત છે. નોંધણી કરવામાં નિષ્ફળતા પર ત્રણ મહિના સુધીની જેલ અથવા રૂ.૧૦,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે. જ્યારે મહત્ત્વપૂર્ણ તથ્યોને છૂપાવવા કે ઘોષણાપત્રોમાં ખોટી જાણકારી આપવા પર ત્રણ મહિના સુધીની જેલ અને રૂ.૨૫,૦૦૦ સુધીનો દંડ થઈ શકે છે.







# તંત્રી લેખ......

## દેશની બે મોટી એરલાઈન્સે ડોમેસ્ટિક ફ્લાઈટો ઘટાડી

જો તમે આગામી દિવસોમાં હવાઈ મુસાફરી કરવાનું વિચારી રહ્યા છો, તો આ સમાચાર તમારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. દેશની બે સૌથી મોટી એરલાઈન્સ એર ઈન્ડિયા (Air India) અને ઈન્ડિગો(IndiGo)એ સ્થાનિક ઉડ્ડયનોમાં મોટો કાપ મૂકવાનો નિર્ણય કર્યો છે. રિપોર્ટ્સ અનુસાર, ૧ જૂન ૨૦૨૬થી આગામી ૯૦ દિવસ સુધી બંને કંપનીઓ ઘણા સ્થાનિક રૂટ્સ પર ફ્લાઈટ્સની સંખ્યામાં ઘટાડો કરશે.

એરલાઈન્સ કંપનીઓ દ્વારા લેવાયેલા આ આકરા નિર્ણય પાછળ મુખ્ય બે કારણો જવાબદાર છે. એક તો ATFના ભાવમાં ભડકો જોવા મળી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં અને ખાસ કરીને પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવને કારણે એવિએશન ટર્બાઈન ફ્યુઅલના (ATF) ભાવ આસમાને પહોંચ્યા છે. ઘણા શહેરોમાં તેની કિંમત પ્રતિ કિલોલીટર ૮૦,૦૦૦થી વધીને ૧ લાખ રૂપિયાને પાર થઈ ગઈ છે.

ઉનાળાની રજાઓ પૂર્ણ થતાં જ દર વર્ષે હવાઈ મુસાફરોની સંખ્યામાં કુદરતી ઘટાડો જોવા મળે છે. જો કે એરલાઈન્સે સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ રૂટ સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે નહીં, માત્ર ફ્લાઈટ્સની ફ્રીક્વન્સી ઓછી કરવામાં આવશે. મુસાફરોને છેલ્લી ઘડીએ હાલાકી ન ભોગવવી પડે તે માટે આવી ફ્લાઈટ્સને બુકિંગ વેબસાઈટ્સ પરથી પહેલેથી જ હટાવી દેવામાં આવી છે. મુંબઈ અને દિલ્હી જેવા દેશના મુખ્ય એરપોર્ટ હબ પરથી ઉડતી ઘણી ફ્લાઈટ્સને આ નિર્ણયની અસર થશે. જેમાં મુંબઈથી અમદાવાદ, નાગપુર, પટના અને ભોપાલ જતી ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ શકે છે. આ ઉપરાંત દિલ્હીથી હૈદરાબાદ, બેંગલુરુ અને કોલકાતાના રૂટ્સ પર ફ્લાઈટ્સની સંખ્યા ઘટશે. આ ઉપરાંત દક્ષિણ ભારતના પણ કેટલાક કનેક્ટિંગ રૂટ્સ પર આની સીધી અસર જોવા મળી શકે છે. એવિએશન સેક્ટરના નિષ્ણાતોનું માનવું છે કે, જો આગામી સમયમાં વિમાન ઈંધણના ભાવ નીચે નહીં આવે, તો એરલાઈન્સ કંપનીઓ પોતાનો આર્થિક બોજ હળવો કરવા માટે ટિકિટના ભાવમાં વધારો કરી શકે છે. હાલના તબક્કે કંપનીઓ ઓછી ડિમાન્ડ વાળા રૂટ્સ પર ઓપરેશન મર્યાદિત કરીને પોતાનો ખર્ચ કંટ્રોલ કરવાનો પ્રયાસ કરી રહી છે.

## ઉમરગામમાં હૃદયદ્રાવક ઘટનાઃ માતાએ ૩ બાળકોને ઝેર પીવડાવી પોતે પણ પીધુઃ ત્રણેય સંતાનના મોતઃ જનેતા ગંભીર

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતના સરહદી વિસ્તાર એવા ઉમરગામ તાલુકાના પાલી કરમબેલી ગામમાં એક હૃદયદ્રાવક ઘટના બનવા પામી છે. દંપત્તી વચ્ચે ચાલી રહેલા ગૃહકલેશના કારણે પત્નીએ પોતાના જ ૩ માસુમ ફુલ જેવા બાળકોને ઝેર પીવડાવી પોતે પણ પી લીધુ હતું. જેમાં ત્રણેય માસુમ બાળકોના મોત નિપજયા હતા. જયારે માતાની હાલત ગંભીર છે, આ ઘટનાની કરૂણતા એ છે કે મૃતક બાળકોમાં બે જોડીયા શીશુઓ પણ સામેલ છે. મોડી રાત્રે બનેલી આ ઘટનાની જાણ થતા જ ભીલાડ પોલીસ સ્ટેશનનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આગળની તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર ગઈ કાલે રાત્રે બનેલી આ કાળજુ કંપાવતી ઘટનામાં જે ત્રણ માસુમ બાળકોના કરૂણ મોત થયા હતા, તેમા માત્ર ૯ મહિનાના જુડવા દિકરાઓ આર્યન અને વિહાન તેમજ ૩ વરસની માસુમ દિકરી નાયરાનો સમાવેશ થાય છે. પ્રાથમિક તપાસ મુજબ ૨૨ વર્ષીય માતા નિશાબેન સંજયભાઈ હળપતિ એ કોઈ અગમ્ય કારણોસર કે ભારે આવેશમાં આવીને પોતાના



આ ત્રણેય સંતાનોને કોઈ ઝેરી પદાર્થ પીવડાવી દીધો હતો, બાળકોને ઝેર આપ્યા બાદ માતા એ પોતે પણ ઝેરી દવા ગટગટાવીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. હાલ માતા નિશાબેનની તબિયત અત્યંત નાજુક હોવાનુ જાણવા મળ્યુ છે. જેથી તેને તાત્કાલીક વધુ સારવાર અર્થે વલસાડની સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી છે. સ્થાનિક સુત્રો અને પરીવારજનો પાસેથી મળેલી માહિતી અનુસાર બાળકોના ૨૫ વર્ષીય પિતા સંજયભાઈ વસંતભાઈ હળપતિ વહાણમાં નોકરી કરે છે. તેઓ લાંબા સમય દરીયાઈ સફર ખેડીને થોડા દિવસો પહેલા જ પોતાના ઘરે પરત ફર્યા હતા. ઘરે આવ્યા બાદ ગઈ કાલે સાંજના સમયે કોઈ અગમ્ય કારણોસર પતિ અને પત્ની વચ્ચે ભારે બોલાચાલી અને ઉગ્ર ઝઘડો થયો હતો. આ વિવાદના આઘાતમાં ગુસ્સામાં આવીને પત્ની નિશાબેને મોડી રાત્રીના સમયે આ ખતરનાક પગલુ ભર્યુ હોવાનુ સગા સંબંધીઓ જણાવી રહ્યા છે. મૃતક બાળકોની ફઈએ પણ મીડીયા સમક્ષ આશંકા વ્યકત કરી છે કે લાંબા સમયથી ચાલતા કલહ અને ગઈ કાલના ઝઘડાના કારણે જ માતાએ આ પગલુ ભરીને માસુમોને મોતને ઘાટ ઉતાર્યા છે. ઘટનાની ગંભીરતાને જોતા ભીલાડ પોલીસની ટીમ તાત્કાલીક ઘટનાસ્થળે પહોચી ગઈ હતી અને આજુબાજુના પુરાવા એકત્ર કરવાની કામગીરી શરૂ કરી દીધી હતી. ઘરના સભ્યો, પરીવારજનો અને ગ્રામજનોના નિવેદનો નોંધવાની પ્રક્રિયા પણ તેજ ગતિએ હાથ ધરવામાં આવી છે. જો કે બાળકોને કયો ચોકકસ ઝેરી પદાર્થ આપવામાં આવ્યો હતો કે પછી અન્ય કોઈ રીતે શ્વાસ રૂંધીને તેમની હત્યા કરાઈ છે તે અંગે પોલીસે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટી કરી નથી. પોલીસ પ્રશાસનનુ કહેવુ છે કે સત્ય જાણવા માટે એફએસએલ ની ટીમની મદદ લેવાઈ રહી છે.

ભીલાડ પોલીસે ત્રણેય મૃતક બાળકોના મૃતદેહોને કબ્જે કરીને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ મોકલી આપ્યા હતા. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર પીએમ રીપોર્ટ આવ્યા બાદ જ બાળકોના મોતના ચોકકસ કારણો અને સમયની સાચી વિગતો જાણી શકાશે. હાલમાં હોસ્પિટલમાં જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલી માતા ભાનમાં આવ્યા બાદ તેની પુછપરછમાં અનેક મોટા ખુલાસા થઈ શકે તેમ છે. એક જ પરીવારના ૩-૩ માસુમ બાળકોના આ રીતે કરૂણ મોત થતા સમગ્ર પાલી કરમબેલી ગામ સહિત ઉમરગામ પંથકમાં અરેરાટી સાથે ભારે શોકનુ મોજુ ફરી વળ્યુ છે.

### દીકરીની આઈટી કંપની સાથે સંબંધિત છે મામલો

## કેરળના પૂર્વ CM પિનરાઈ વિજયનના ઘરે EDના દરોડા,

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેરલમના રાજકારણમાંથી આ સમયના સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. પ્રવર્તન નિદેશાલયે (ED) કેરલમના પૂર્વ મુખ્યમંત્રી અને વર્તમાન વિપક્ષના નેતા પિનારાઈ વિજયન વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા તેમના અનેક સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા છે. EDની આ મેગા એક્શન તેમની દીકરી વીણા વિજયનની આઈટી ફર્મ એક્સાલોજિક સોલ્યુશન્સ સાથે જોડાયેલા કથિત મની લોન્ડરિંગ કેસમાં કરવામાં આવી છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, EDની અલગ-અલગ ટીમો આજે સવારથી જ પૂર્વ મુખ્યપ્રમુખ સાથે જોડાયેલા પરિસરો પર સઘન સર્ચ ઓપરેશન ચલાવી રહી છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, પૂર્વ સીએમના નિવાસસ્થાન સહિત કુલ 10 સ્થળો પર હાલ તપાસ ચાલી રહી છે. આ સમગ્ર કાર્યવાહી કોચીન મિનરલ્સ એન્ડ રૂટાઈલ લિમિટેડ (CMRL) અને વીણા વિજયનની કંપની વચ્ચેના શંકાસ્પદ નાણાકીય વ્યવહારોની તપાસનો એક ભાગ છે.નોંધનીય છે કે આ દરોડા મંગળવારે (26 મે) કેરલમ હાઈકોર્ટ દ્વારા લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણયના બીજા જ દિવસે પડ્યા છે. હાઈકોર્ટે CMRL અને વીણા વિજયનની કંપની વચ્ચેના આ શંકાસ્પદ વ્યવહારોમાં EDની મની લોન્ડરિંગ તપાસ પર સ્ટે આપવાની માંગ કરતી અરજીને સ્પષ્ટપણે ફગાવી દીધી હતી. કોર્ટ તરફથી લીલી ઝંડી મળતા જ ED એ આ આક્રમક પગલું ભર્યું છે.વર્ષ 2019ની તપાસમાં આ સમગ્ર વિવાદની શરૂઆત 2019 માં થઈ હતી, જ્યારે આવકવેરા વિભાગે CMRL કંપની પર દરોડા પાડ્યા હતા. તપાસમાં સામે આવ્યું કે CMRL કંપનીએ 2017થી 2019 દરમિયાન વીણા વિજયનની કંપની એક્સાલોજિક સોલ્યુશન્સને 1.72 કરોડ રૂપિયા ચૂકવ્યા હતા. આરોપ છે કે આ ખર્ચ કોઈપણ સોફ્ટવેર કે આઈટી સર્વિસ આપ્યા વગર જ માત્ર નકલી ખર્ચ તરીકે બતાવવામાં આવ્યો હતો. આ ખુલાસો થયા બાદ EDએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ ગુનો નોંધીને તપાસ તેજ કરી હતી.CMRLના મેનેજિંગ ડિરેક્ટર એસ.એન. શશિધરન કાર્થા અને અન્ય ટોચના અધિકારીઓએ કેરલમ હાઈકોર્ટમાં અરજી કરીને ED દ્વારા દાખલ કરાયેલી ECIR અને સમન્સને રદ કરવા માંગ કરી હતી. તેમની મુખ્ય દલીલો હતી કે, આ મામલામાં PMLA હેઠળ કોઈ ગુનો બનતો નથી. કેન્દ્ર સરકારની ગંભીર નાણા વિરોધી છેતરપિંડી તપાસ કચેરી (SFIO) ઓલરેડી આની તપાસ કરી રહી છે, તેથી EDની દખલ બિનજરૂરી છે. જસ્ટિસ ટી.આર. રવિની બેન્ચે આ તમામ દલીલોને ફગાવી દેતા સ્પષ્ટ કર્યું કે EDને કોઈપણ ઔપચારિક FIR વિના પણ પૂછપરછ કરવાનો અને સમન્સ જારી કરવાનો પૂરો અધિકાર છે. અદાલતે એમ પણ માન્યું કે SFIO અને ED બંને એજન્સીઓની તપાસનો વ્યાપ અને હેતુ તદ્દન અલગ-અલગ છે. આ હાઈકોર્ટના ચુકાદા બાદ હવે પૂર્વ મુખ્યમંત્રી પિનારાઈ વિજયન અને તેમના પરિવારની મુશ્કેલીઓમાં મોટો વધારો થવાની શક્યતા દેખાઈ રહી છે.

### દિગ્ગજ નેતાના દાવાથી રાજકીય ગરમાવો

## તૃણમૂલના ૨૦ સાંસદ અને ૫૦ ધારાસભ્ય પક્ષપલટાની તૈયારીમાં

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ ચૂંટણીમાં મળેલી કારમી હાર બાદ મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસ (તૃણમૂલ) હવે પોતાના જ નેતાઓના આંતરિક અસંતોષનો સામનો કરી રહી છે. આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને બાંકુડાના સાંસદ સૌમિત્ર ખાને એક એવો દાવો કર્યો છે, જેનાથી બંગાળના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. સૌમિત્ર ખાને દાવો કર્યો છે કે, તૃણમૂલના આશરે ૫૦ ધારાસભ્યો અને ૨૦ સાંસદો પોતાની પાર્ટીથી નારાજ છે અને ભાજપમાં આવવા માટે તૈયાર બેઠા છે. સૌમિત્ર ખાને જણાવ્યું કે, આ તમામ નેતાઓ ભાજપના હાઈકમાન્ડના સંપર્કમાં છે. તેમણે આક્રમક અંદાજમાં કહ્યું, "જો ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ એકવાર લીલી ઝંડી આપી દે, તો બંગાળમાં તૃણમૂલ નામની કોઈ પાર્ટી જ નહીં બચે. દરેક વ્યક્તિ ભાજપમાં જોડાવા માટે તૈયાર છે.

સાંસદ સૌમિત્ર ખાને તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ નેતા અભિષેક બેનરજી પર પણ આકરા પ્રહારો કર્યા હતા. તેમને પાપી ગણાવતા ખાને કહ્યું કે, "પાપીઓએ જેલમાં જવું જ પડે છે અને તેમને તાત્કાલિક પરિણામ ભોગવવા પડે છે. વર્ષ ૨૦૨૧ માં અભિષેક બેનરજીએ ભાજપના કાર્યકરોના ઘર તોડાવ્યા હતા, પરંતુ આજે તેના જ ઘરની સામે બુલડોઝર ઊભું છે. આવા લોકોને નરકમાં જવું જોઈએ."

ભાજપના સાંસદનો આ દાવો એવા સમયે આવ્યો છે જ્યારે બંગાળમાં તૃણમૂલ પોતાના જ નેતાઓની નારાજગીથી ઝઝૂમી રહી છે. એક દિવસ પહેલા જ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી શુભેન્દુ અધિકારીની વહીવટી બેઠકમાં બારાસાતના (બારાપોર) તૃણમૂલ સાંસદ કાકોલી ઘોષ દસ્તીદાર અને તૃણમૂલના ૬ ધારાસભ્યો પહોંચ્યા હતા.

કાકોલી ઘોષને તાજેતરમાં જ તૃણમૂલ એ લોકસભામાં ચીફ વ્હીપના પદેથી હટાવી દીધા હતા, ત્યારબાદ કેન્દ્ર સરકારે તેમને તાત્કાલિક 'Y' કેટેગરીની સુરક્ષા આપી દીધી હતી. આ ઘટનાક્રમ બાદથી જ તેઓ પક્ષપલટો કરશે તેવી અટકળો તેજ થઈ ગઈ છે.

બંગાળમાં લોકસભાની કુલ ૪૨ બેઠકો છે. ૨૦૨૪ની ચૂંટણીમાં તૃણમૂલ ને ૨૯ અને ભાજપને ૧૨ બેઠકો મળી હતી (જ્યારે કોંગ્રેસને ૧ બેઠક મળી હતી). જો સૌમિત્ર ખાનનો ૨૦ સાંસદોનો દાવો સાચો પડે, તો કાનૂની રીતે સાંસદોનું સભ્યપદ બચી શકે છે. પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ અયોગ્યતાથી બચવા માટે સંસદીય પક્ષના ઓછામાં ઓછા બે-તૃતીયાંશ સભ્યો પક્ષ છોડે તે જરૂરી છે. તૃણમૂલ ના ૨૯ સાંસદોમાંથી ૨૦ સાંસદો પક્ષ છોડે તો તેમની સામે કાયદાકીય આંચકો નહીં આવે.

બીજી તરફ, તૃણમૂલ કોંગ્રેસના વરિષ્ઠ સાંસદ સૌગત રોયે સૌમિત્ર ખાનના આ તમામ દાવાઓને સદંતર ખોટા ગણાવ્યા છે. સૌગત રોયે કહ્યું કે, "આ વાત સંપૂર્ણપણે ખોટી છે. સૌમિત્ર ખાન અને ભાજપ માત્ર અફવાઓ ફેલાવી રહ્યા છે. બંગાળમાં આવું કશું જ થવાનું નથી. જો કે, છેલ્લા કેટલાક દિવસોમાં તૃણમૂલ ના અનેક સાંસદો, ધારાસભ્યો અને સ્થાનિક નેતાઓએ જાહેરમાં પોતાની નારાજગી વ્યક્ત કરી હોવાથી બંગાળમાં ઓલ ઈઝ નોટ વેલ હોવાના સંકેતો સ્પષ્ટ દેખાઈ રહ્યા છે.

## આસારામની આજીવન કેદની સજા યથાવત : કોર્ટે તાત્કાલીક આત્મસમર્પણ કરવાનો આપ્યો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજસ્થાન હાઈકોર્ટે સગીર પર બાળાત્કારના કેસમાં સજા ભોગવી રહેલા આસારામ બાપુને સજા આપવામાં રાહતનો ઈન્કાર કરતા તેમની આજીવન કેદની સજા યથાવત રાખી છે. કોર્ટે તેમને ગેંગ રેપના આરોપમાંથી મુકત કર્યા, જયારે અન્ય ગંભીર આરોપો પર તેમની સજા યથાવત રાખવામાં આવી છે. તેમને શરણાગતી સ્વીકારવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે. જોધપુરના આ નિર્ણય બાદ આ કેસ ફરી એકવાર દેશવ્યાપી ચર્ચામાં છે. રાજસ્થાન હાઈકોર્ટની જોધપુર બેન્ચના જસ્ટીસ અરૂણ મોંગા અને જસ્ટીસ યોગેન્દ્રકુમાર પુરોહિતની ડીવીઝન બેન્ચે આસારામ સહિત ૩ આરોપીઓ



દ્વારા દાખલ કરાયેલી અપીલ પર પોતાનો ચુકાદો આપ્યો હતો. કોર્ટે સ્પષ્ટ કહ્યુ હતુ કે સગીર પીડીતા પર બાળાત્કાર કરવા બદલ નીચલી કોર્ટ દ્વારા આપવામાં આવેલી આજીવન કેદની સજામાં કોઈ ફેરફાર થશે નહી. સુનાવણી દરમિયાન કોર્ટે ગેંગ રેપના આરોપો પર વિચાર કર્યો અને આસારામ બાપુને તે ચોકકસ આરોપમાંથી રાહત આપી, કોર્ટે જણાવ્યુ હતુ કે ઉપલબ્ધ પુરાવાઓ ગેંગ રેપના આરોપ હેઠળ દોષિત સાબિત થતા નથી, પરંતુ અન્ય આરોપો પુરતા પ્રમાણમાં સાબિત થયા છે. તેથી તેમની બાકીની સજા અને દોષિત ઠેરવવામાં આવ્યા, કોર્ટે આ કેસમાં સહ આરોપી શિલ્પી અને શરતચંદ્રની અપીલ પર પણ ચુકાદો આપ્યો હતો. બંને આરોપીઓને તેમની સજામાં આંશિક રાહત આપવામાં આવી હતી. કોર્ટે તેમની સજામાં આંશિક રાહત પણ આપી હતી. જયારે અન્ય આરોપો પર આદેશ જાળવી રાખ્યો હતો. નોંધનીય છે કે ૨૦૧૩ માં જોધપુરમાં દાખલ કરાયેલા આ ખુબ જ પ્રસિધ્ધ કેસમાં આસારામ બાપુ પર આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમણે તેમના આશ્રમમાં એક સગીર વિદ્યાર્થી પર બાળાત્કાર કર્યો હતો. કેસ ની તપાસ કર્યા પછી પોલીસે ચાર્જશીટ દાખલ કરી હતી અને લાંબી ટ્રાયલ પછી એક ખાસ કોર્ટે આસારામને દોષિત ઠેરવ્યા હતા અને ૨૦૧૮ માં તેમને આજીવન કેદની સજા ફટકારી હતી. જો કે તે હાલમાં પેરોલ પર બહાર છે.

### એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ટેકનિકલ ખામી

## દિલ્હીથી સાન ફ્રાન્સિસ્કો જતું પ્લેન ૮ કલાક હવામાં રહ્યા બાદ પરત ફર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીથી અમેરિકાના સાન ફ્રાન્સિસ્કો જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ AI173માં અધવચ્ચે ટેકનિકલ ખામી સર્જાતાં તેને બુધવારે સવારે પરત દિલ્હી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવી હતી. બોઈંગ 777-300 ER (Boeing 777-300 ER) એરક્રાફ્ટમાં સર્જાયેલી આ ખામી સમયે પ્લેનમાં આશરે ૨૩૦ જેટલા મુસાફરો સવાર હતા, જેમનો આબાદ બચાવ થયો છે. ફ્લાઈટ ટ્રેકિંગ વેબસાઈટ Flightradar 24.com ના ડેટા અનુસાર, આ ફ્લાઈટે દિલ્હીથી ટેકઓફ કર્યા બાદ આશરે ૩ કલાકથી વધુનો સમય હવામાં રહ્યું હતું. પ્લેન જ્યારે ચીનની એરસ્પેસમાં હતું, ત્યારે જ તેમાં ટેકનિકલ ખામી હોવાનું માલૂમ પડ્યું હતું. પાઈલટે નિર્ધારિત પ્રોટોકોલ હેઠળ પ્લેનને તુરંત જ રાષ્ટ્રીય પાટનગર દિલ્હી તરફ ડાયવર્ટ કરવાનો નિર્ણય લીધો હતો. આખી પ્રક્રિયા દરમિયાન પ્લેન આશરે ૮ કલાક કરતાં વધુ સમય સુધી હવામાં રહ્યું હતું અને આખરે બુધવારે સવારે દિલ્હીમાં તેનું સેફ લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

આ ગંભીર ઘટના અંગે એર ઈન્ડિયાના પ્રવક્તાએ સત્તાવાર નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે, "૨૭ મેના રોજ દિલ્હીથી સાન ફ્રાન્સિસ્કો જઈ રહેલી ફ્લાઈટ AI173 ટેકનિકલ ખામીના કારણે નક્કી કરેલી પ્રક્રિયા મુજબ દિલ્હી પરત ફરી છે. એરક્રાફ્ટ સુરક્ષિત રીતે લેન્ડ થઈ ગયું છે અને હવે એર ઈન્ડિયાના સેફ્ટી સ્ટાન્ડર્ડ્સ મુજબ તેની ઝીણવટભરી તકનીકી તપાસ કરવામાં આવશે. એરલાઈન્સે મુસાફરોને થયેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કર્યો અને જણાવ્યું કે, તમામ ૨૩૦ મુસાફરોને વહેલી તકે તેમના ગંતવ્ય સ્થાને પહોંચાડવા માટે વૈકલ્પિક ફ્લાઈટની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ત્યાં સુધી એરપોર્ટ પર હાજર ગ્રાઉન્ડ ટીમ દ્વારા મુસાફરોને રિફ્રેશમેન્ટ (નાસ્તો-પાણી), હોટેલ સ્ટે અને તેમની પસંદગી મુજબ ટિકિટ રિશેડ્યુલિંગ સહિતની તમામ જરૂરી સહાય પૂરી પાડવામાં આવી રહી છે.

## ગુજરાતમાં આગામી ૧ જુનથી ટ્રાન્સપોર્ટ ભાડામાં થશે ૨૦ ટકાનો વધારો : મોંઘવારીનો ફુટશે બોમ્બ

પ્રતિનિધિ,ગાંધીનગર

જુનના પહેલા અઠવાડીયાથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં તાજેતરના વધારાને કારણે નાગરીકોએ રોજીંદા ઉપયોગના ઉત્પાદનોમાં ફુગાવાના બીજા મોજા માટે તૈયારી કરવી પડી શકે છે.

ઉદ્યોગના સુત્રોના જણાવ્યા અનુસાર ડીઝલ પર ભારે નિર્ભર ટ્રાન્સપોર્ટસને નુર દરમાં લગભગ ૨૦ ટકા વધારો કરવાની ફરજ પડી છે. સુધારેલા દર ૧ જુનથી અમલમાં આવવાની શકયતા છે.



નિષ્ણાંતો માને છે કે પરીવહન ખર્ચમાં વધારો અનિવાર્ય પણે અંતિમ ઉત્પાદનોના ભાવમાં ઓછામાં ઓછા ૧૦ ટકા વધારો કરશે, શાકભાજી અને ફળોથી લઈને ફાસ્ટ-મુવીંગ- કન્ઝયુમર ગુડસ અને પેકેજડ વસ્તુઓ સુધીની તમામ શ્રેણીઓમાં આ અસર અનુભવવાની અપેક્ષા છે. લોજીસ્ટિકસ ક્ષેત્રમાં કાર્યરત વસંત ગ્રૃપના પ્રમોટર હિતેન વસંતે જણાવ્યુ હતુ કે અમારા વ્યવસાય સાથે લગભગ ૨૫૦ વાહનો સંકળાયેલા છે. અમે અમારા ગ્રાહકોને ૧ જુનથી ડીઝલ અને પેટ્રોલના ભાવ વધારાને કારણે નુર ચાર્જ માં વધારા વિશે પહેલાથી જ જાણ કરી દીધી છે. જે જીસીસીઆઈ ખાતે લોજીસ્ટિકસ ટાસ્ક ફોર્સના અધ્યક્ષ પણ છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે ઉદ્યોગ અત્યાર સુધી ઈંધણના ભાવ વધારાને સહન કરી રહ્યો છે. જો કે ઈંધણની અછત સાથે ભાવમાં સતત વધારાને કારણે ઘણા ટ્રાન્સપોર્ટરોને કામગીરી બંધ કરવાની ફરજ પડી છે. પરીણામે ઘણા ઓપરેટરો હવે ચાર્જમાં ૨૦ ટકા વધારો કરવા જઈ રહ્યા છે.

ફેડરેશન ઓફ ગુજરાત ડિસ્ટ્રિબ્યુટર્સ એસોસીએશન ચેરીટેબલ ટ્રસ્ટ એ જણાવ્યુ હતુ કે રાજયમાં ફેડરેશન ઓફ ગુજરાત ડિસ્ટ્રિબ્યુશન નેટવર્ક ગંભીર પડકારોનો સામનો કરી રહ્યુ છે. ઉદ્યોગના નેતાઓએ ચિંતા વ્યકત કરી છે કે વધતા ઓપરેશનલ ખર્ચ, ૫ ટકા જેટલા નીચા માર્જીન સાથે વિતરકો માટે ટકી રહેવુ મુશ્કેલ બન્યુ છે. એસોસીએશન અનુસાર સમગ્ર ગુજરાતમાં ૭૦૦ થી વધુ વિતરકોએ પહેલેથી જ દુકાનો બંધ કરી દીધી છે. ફેડરેશન ઓફ ગુજરાતના ચેરમેને જણાવ્યુ હતુ કે ઈ-કોમર્સ કિવક કોમર્સના વધતા પ્રભાવને કારણે પરંપરાગત રીટેઈલ વેપારીઓનો બજાર હિસ્સો ઘટીને માત્ર ૭૦ ટકા થઈ ગયો છે. બાકીના વ્યવસાયો ઓનલાઈન પ્લેટફોર્મ તરફ વળતા સમગ્ર ભારતમાં ૧ લાખ થી વધુ રીટેલ આઉટલેટ બંધ થઈ ગયા છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે આ ૧ લાખ રીટેલ આઉટલેટ્સ માંથી લગભગ ૪૦ હજાર ગુજરાતમાં છે અને તેમના પર નિર્ભર પરીવારો ગંભીર જીવન નિર્વાહના પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે. જો સરકાર ઈંધણના ભાવને નિયંત્રિત કરવા માટે હસ્તક્ષેપ નહી કરે તો તેમનુ અસ્તિત્વ અશકય બની જશે. ખાખરા, થેપલા અને અથાણાના ઉત્પાદન સાથે સંકળાયેલા એક ઉદ્યોગસાહસિકે જણાવ્યુ હતુ કે પેકેજીંગ અને અન્ય ઈનપુટ ખર્ચમાં વધારો થવાને કારણે અમારા ઉત્પાદન ખર્ચમાં લગભગ ૧૦ ટકાનો વધારો થયો છે.

ગ્રાહકો પર બોજ નાખવા સિવાય અમારી પાસે કોઈ વિકલ્પ નથી, કંપનીઓ માટે પરીવહન અને વિતરણ સૌથી મોટા ખર્ચમાં નો એક છે. તેથી ભાવ વધારો અનિવાર્ય છે. તે જ સમયે મોલ્સ અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ સતત જનરલ સ્ટોર્સ અને સ્થાનિક વેપારીઓના વ્યવસાયમાં પ્રવેશ કરી રહ્યા છે. તે ઉપરાંત ઈંધણનો પુરવઠો મળતો નથી. તેથી આગામી ૧ જુનથી આપણે બધા માલ ના ભાવ માં લગભગ ૧૦ ટકાનો વધારો જોઈ શકીએ છીએ, પરિસ્થિતિને નિયંત્રિત કરવાનો એક માત્ર રસ્તો એ છે કે સરકાર ઈંધણના ભાવમાં વધારો અથવા ઈરાન યુદ્ધનો અંત લાવે, જેના કારણે ઈંધણના ભાવમાં ઘટાડો થાય.

## અમેરિકા સૈન્ય પાછું ખેંચે, તો ઈરાન હોર્મુઝનો જળમાર્ગ ખોલવા તૈયાર

(સંપૂર્ણ સમાચાર સેવા)તહેરાન

ઈરાને દાવો કર્યો છે કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષનો અંત લાવવા અમેરિકા સાથેના સમજૂતી કરાર(MoU)નો મુસદ્દો તૈયાર કરી દેવાયો છે. ઈરાનના સરકારી ટેલિવિઝનના અહેવાલ અનુસાર, જો અમેરિકન સૈન્ય ઈરાનની આસપાસના વિસ્તારોમાંથી પાછું ખેંચાય, તો આ વિસ્તારમાં વ્યાપારી જહાજોની અવરજવર ફરી સામાન્ય થઈ શકે છે.

રોઈટર્સના અહેવાલ પ્રમાણે, આ કરાર હેઠળ જો અમેરિકા ઈરાનની સરહદોની નજીકથી પોતાના સૈન્ય દળોને હટાવી લે અને નૌકાદળની નાકાબંધી હટાવી દે, તો આગામી એક મહિનાની અંદર હોર્મુઝનો જળમાર્ગનો શિપિંગ ટ્રાફિક યુદ્ધ પહેલાના સ્તરે પહોંચી શકે છે.

જો કે, હાલ સૈન્ય જહાજોને આ મુક્તિમાંથી બાકાત રખાયા છે. આ યોજનામાં વેપારી જહાજોના સંચાલનની જવાબદારી ઓમાનના સહયોગથી ઈરાન જ સંભાળશે તેવી વ્યાપક રૂપરેખા તૈયાર કરાઈ છે. જો કે, અહેવાલમાં સ્પષ્ટ કરાયું છે કે, અનૌપચારિક માળખાને હજી આખરી ઓપ અપાયો નથી જ્યાં સુધી ઠોસ ખાતરી (ટેન્જિબલ વેરિફિકેશન) ના મળે, ત્યાં સુધી ઈરાન આ દિશામાં કોઈ પગલું ભરશે નહીં.




PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ એમસીએક્સ પર સોનાના વાયદામાં રૂ.૧૮૯૭, ચાંદીના વાયદામાં રૂ.૫૮૮૨ અને ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૯૨ની નરમાઈ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૪૨૦ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૫૪૭૭૧૮ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૨૬૦૧૪ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૮૦૦૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૫૮૪૧૩૯.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૩૬૪૨૦.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૫૪૭૭૧૮.૯૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ મે વાયદો ૩૮૦૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૧૬.૪૯ કરોડનું થયું હતું.


કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૬૦૧૪.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૭૫૪૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૭૮૯૮ અને નીચામાં રૂ.૧૫૫૬૭૫ના મથાળે અથડાઈ, રૂ.૧૫૭૬૧૬ના આગલા બંધ સામે રૂ.૧૮૯૭ ઘટી રૂ.૧૫૫૭૧૯ થયો હતો. ગોલ્ડ-ગિની મે વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૩૩૩ ઘટી રૂ.૧૨૪૫૨૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ મે વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૯૩ ઘટી રૂ.૧૫૫૭૨ થયો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૭૭૯ ઘટી રૂ.૧૫૫૩૬૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન મે વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૬૪૫૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૭૦૦૦ અને નીચામાં રૂ.૧૫૪૯૯૯ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૬૫૨૧ના આગલા બંધ સામે રૂ.૧૩૦૬ ઘટી રૂ.૧૫૫૨૧૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો કિલોદીઠ રૂ.૨૭૨૬૦૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૭૨૬૨૮ અને નીચામાં રૂ.૨૬૩૨૭૨ના મથાળે અથડાઈ, રૂ.૨૭૦૬૨૮ના આગલા બંધ સામે રૂ.૫૮૮૨ ઘટી રૂ.૨૬૪૭૪૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની જૂન વાયદો રૂ.૫૭૬૩ ઘટી રૂ.૨૬૯૦૩૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો જૂન વાયદો રૂ.૫૭૪૨ ઘટી રૂ.૨૬૯૧૨૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૨૬૮.૬૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું મે વાયદો રૂ.૧૦.૨૫ ઘટી રૂ.૧૩૨૨.૭૫ના ભાવે બોલાયો હતો. જસત મે વાયદો રૂ.૧.૧ ઘટી રૂ.૩૭૨.૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ મે વાયદો રૂ.૧.૬૫ વધી રૂ.૩૮૯.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીસું મે વાયદો ૫ પૈસા ઘટી રૂ.૨૦૪.૫ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૫૯૩૪.૩૨ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી મે વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૯૬૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૯૯૦ અને નીચામાં રૂ.૪૯૪૬ના મથાળે અથડાઈ, રૂ.૧૯ વધી રૂ.૪૯૮૩ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો બેરલદીઠ રૂ.૮૮૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૮૮૬૫ અને નીચામાં રૂ.૮૬૦૯ના મથાળે અથડાઈ, રૂ.૯૦૧૪ના આગલા બંધ સામે રૂ.૨૯૨ ઘટી રૂ.૮૭૨૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૨૯૨ ઘટી રૂ.૮૭૨૪ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૬ વધી રૂ.૨૯૪.૯ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ-મિની જૂન વાયદો રૂ.૨.૬ વધી રૂ.૨૯૫ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ મે વાયદો કિલોદીઠ રૂ.૯૫૯ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૯૫૯ થયો હતો. એલચી મે વાયદો કિલોદીઠ રૂ.૨૭૦૫ના ભાવે ખૂલી, રૂ.૩ વધી રૂ.૨૭૨૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.




કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૪૨૬૬.૦૧ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૭૪૮.૫૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૩૪૦૫.૦૧ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૪૧૫.૨૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩.૭૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૪૩૨.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૧.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૭૪૧.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૨૧૭૨.૧૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૪૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૭૧ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૦૨૮૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૮૪૨૫ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૨૦૨૬ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૩૪૮૨૭ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૧૯૯૩ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૦૮૦૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૨૭૩૭૪ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૯૨૯૬૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૯૮૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૬૪૧૬ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૫૭૮૫ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ મે વાયદો ૩૮૦૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ૩૭૬ પોઈન્ટ ઘટી ૩૮૦૦૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૭૦.૬ ઘટી રૂ.૪૨૯ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૫ વધી રૂ.૧૮.૫૫ના ભાવે બોલાયો હતો.

સોનું મે રૂ.૧૫૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૩.૫ ઘટી રૂ.૨૭.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૩૮૩.૫ ઘટી રૂ.૩૧૦૦ થયો હતો. તાંબું જૂન રૂ.૧૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૮૩ ઘટી રૂ.૩૧ થયો હતો. જસત જૂન રૂ.૩૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૭ પૈસા ઘટી રૂ.૦.૯૮ના ભાવે બોલાયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૮૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૮૩.૧૫ ઘટી રૂ.૫૬૩ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૯૫ પૈસા વધી રૂ.૧૮.૪ થયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૮૩૨ ઘટી રૂ.૩૯૫.૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૨૮૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૦૦.૫ ઘટી રૂ.૬૭૩૪.૫ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૧.૩ વધી રૂ.૨૩૯.૨ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૫૫ ઘટી રૂ.૧૩.૪૫ થયો હતો.

સોનું મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯ વધી રૂ.૧૫૭.૫ થયો હતો. આ સામે ચાંદી જૂન રૂ.૨૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૦૪.૫ વધી રૂ.૫૭૩૩.૫ના ભાવે બોલાયો હતો. તાંબું જૂન રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૪૭ વધી રૂ.૧૪.૧૫ના ભાવે બોલાયો હતો. જસત જૂન રૂ.૩૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૬૬ વધી રૂ.૮ થયો હતો. મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની જૂન રૂ.૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૫૨.૨ વધી રૂ.૨૪૪.૨૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની જૂન રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૫ ઘટી રૂ.૧૩.૭૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની મે રૂ.૧૫૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૯ વધી રૂ.૮૭૮ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની જૂન રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૫૪૩ વધી રૂ.૧૧૪૪૩.૫ થયો હતો.

# ગુજરાતમાં ૪ દિવસ વિજળીના કડાકા-ભડાકા સાથે વરસાદની આગાહી : ૪૦ થી ૫૦ કિ.મી.ની ઝડપે ફુંકાશે પવન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હાલ આકરા ઉનાળાનો પ્રકોપ જોવા મળી રહ્યો છે અને રાજયના મોટાભાગના શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર પહોચી ગયો છે. બપોરના સમયે કારઝાળ ગરમી અને લુ ના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. ત્યારે હવામાન વિભાગે રાજયના નાગરીકો અને ખાસ કરીને ખેડુતોની ચિંતામાં વધારો કરતી એક મહત્વની આગાહી કરી છે.



આ અસહ્ય ગરમીના માહોલ વચ્ચે આગામી ૩૦ મે થી ૨ જુન દરમિયાન ગુજરાતના વિવિધ ભાગોમાં કમોસમી વરસાદ એટલે કે માવઠુ થવાની પ્રબળ સંભાવના વ્યકત કરવામાં આવી છે. આ દરમિયાન પવનની ગતિ પણ ભારે રહેવાની આશંકા છે. હવામાન વિભાગના સત્તાવાર બુલેટીન અનુસાર આગામી દિવસોમાં વાતાવરણમાં મોટો પલ્ટો આવવા જઈ રહ્યો છે. કમોસમી વરસાદની સાથે સાથે હવામાન વિભાગે ચેતવણી આપી છે કે પ્રભાવિત જિલ્લાઓમાં ૪૦ થી ૫૦ કિ.મી. પ્રતિ કલાકની પ્રચંડ ઝડપે તોફાની પવન ફુંકાઈ શકે છે. આ વાવાઝોડા જેવા પવન અને વિજળીના કડાકા-ભડાકા સાથે આકાશમાં કાળા ડીંબાગ વાદળો ઘેરાશે અને માવઠુ પડશે. વાતાવરણમાં થનારા આ અચાનક બદલાવને કારણે ગરમીથી સામાયીક રાહત ભલે મળે પરંતુ ઉભા પાક અને કેરીના બગીચાઓને મોટુ નુકશાન થવાની ભીતી સેવાઈ રહી છે.

હવામાન વિભાગની વિગતવાર આગાહી મુજબ આગામી ૩૦ મે ના રોજ કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહિસાગર અને પાટણ જિલ્લાના વાતાવરણમાં પલ્ટો આવશે, ત્યારબાદ ૩૧ મે ના દિવસે કમોસમી વરસાદનો વ્યાપ થોડો વધશે, જેમાં કચ્છ, બનાસકાંઠા અને પાટણ ઉપરાંત અરવલ્લી, સાબરકાંઠા, દાહોદ તેમજ છોટા ઉદેપુર જિલ્લાના છુટા છવાયા સ્થળોએ મેઘ ગર્જના અને વિજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. આ બે દિવસો દરમિયાન ઉત્તર ગુજરાત અને સરહદી વિસ્તારોમાં પવનનુ જોર વધુ જોવા મળી શકે છે.

આગામી ૧ જુન ૨૦૨૬ ના રોજ રાજયના ઉત્તર, મધ્ય અને સૌરાષ્ટ્ર સહિત કુલ ૧૨ જિલ્લાઓમાં માવઠાની વ્યાપક અસર જોવા મળશે. હવામાન વિભાગે જણાવ્યુ હતુ કે ૧ જુને બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, અરવલ્લી, મહિસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લાના છુટાછવાયા વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ પડી શકે છે. જયારે ૨ જુનના દિવસે આ સિસ્ટમ આગળ વધતા અમરેલી, ભાવનગર, મહિસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર અને નર્મદા સહિત દક્ષિણ ગુજરાતના તાપી અને ડાંગ જિલ્લામાં પણ ભારે પવન સાથે વરસાદની આગાહી કરાઈ છે.

# કિમ રેલવે સ્ટેશન પર એકિકૃત યાત્રી સૂચના સિસ્ટમ (IPIS) ની સુવિધા ઉપલબ્ધ

વડોદરા મંડળ દ્વારા તારીખ ૨૬ મે ૨૦૨૬ ના રોજ કિમ રેલવે સ્ટેશન પર એકિકૃત યાત્રી સૂચના સિસ્ટમ (Integrated Passenger Information System - IPIS) સફળતાપૂર્વક ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ સુવિધા યાત્રીઓને ઉત્તમ સૂચના અને અધિક સુવિધા આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ પ્રમાણે આ નવી સિસ્ટમ હેઠળ નીચે જણાવેલી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે :

- પ્લેટફોર્મ નંબર ૧ અને ૨ પર કોચ ગાઈડન્સ બોર્ડ
- બંને પ્લેટફોર્મ પર ઓટોમેટિક ઉદઘોષણા સિસ્ટમ
- બુકિંગ કાર્યાલય પાસે ટ્રેન આગમન અને પ્રસ્થાન ડિસ્પ્લે બોર્ડ
- NTES ઈન્ટીગ્રેશન મારફતે ટ્રેનોના વાસ્તવિક સમય (Real Time) માહિતી

આ સિસ્ટમ યાત્રીઓને ટ્રેનોના આગમન, પ્રસ્થાન, પ્લેટફોર્મ નંબર તથા કોચ સ્થિતિ સંબંધિત સચોટ અને તાત્કાલિક માહિતી ઉપલબ્ધ કરાવશે. કોચ ગાઈડન્સ બોર્ડ યાત્રીઓને તેમના નિશ્ચિત કોચની સામે પહોંચવામાં સહાયતા કરશે, જેનાથી ટ્રેનમાં ચઢવાની પ્રક્રિયા વધુ સુગમ અને સુવિધાજનક થશે.

NTES ઈન્ટીગ્રેશન મારફતે હવે કિમ સ્ટેશન પર યાત્રીઓને ટ્રેનોના વાસ્તવિક સમયની માહિતી પ્રાપ્ત થશે, જેનાથી યાત્રા અનુભવ વધુ ઉત્તમ થશે.

આ પહેલ ભારતીય રેલવેની યાત્રી સુવિધાઓના આધુનિકીકરણ અને ટેકનિકલ અપગ્રેડેશન પ્રત્યેની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

### રાજ્યભરમાં ચાલી રહેલી સ્વ-ગણતરી ઝુંબેશને બહોળો પ્રતિસાદઃ

# અત્યાર સુધીમાં રાજ્યપાલશ્રી,મુખ્યમંત્રીશ્રી સહિત અંદાજે ૨.૩૬ લાખથી વધુ મહાનુભાવો-નાગરીકો સ્વ-ગણતરી ઝુંબેશમાં સહભાગી થયા

વસતી ગણતરી-૨૦૨૭ દેશના દરેક નાગરિકના મજબૂત અને ઉજ્જ્વળ ભવિષ્ય માટે અગત્યની છે. દેશભરમાં ચાલી રહેલી વસતી ગણતરી-૨૦૨૭ અંતર્ગત ગુજરાતમાં તા.૧૭ મે-૨૦૨૬થી શરૂ થયેલી સ્વ-ગણતરી ઝુંબેશને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. ગુજરાતમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, રાજ્યમંત્રી મંડળના સભ્યશ્રીઓ, મુખ્ય સચિવશ્રી સહિત વરિષ્ઠ સચિવશ્રીઓ, જિલ્લા કલેક્ટરશ્રીઓ, મહાનગરપાલિકા કમિશનરશ્રીઓ તેમજ જાગૃત નાગરિકોએ સ્વ-ગણતરી અંતર્ગત ફોર્મ ભરીને અન્યને સ્વ-ગણતરી માટે પ્રેરણા આપીને અપીલ પણ કરી છે. આગામી તા.૩૧ મે-૨૦૨૬ સુધી ચાલનારી આ ઝુંબેશમાં અત્યાર સુધીમાં રાજ્યભરમાંથી અંદાજે ૨.૩૬ લાખથી વધુ મહાનુભાવો-નાગરીકો સ્વ-ગણતરી ઝુંબેશમાં સહભાગી થયા છે. જેમાં મુખ્યત્વે અમદાવાદમાં સૌથી વધુ ૪૨ હજારથી વધુ જ્યારે સુરતમાં ૨૨ હજાર, વડોદરા અને આણંદમાં ૧૬-૧૬ હજાર, રાજકોટમાં ૧૪ હજાર, મહેસાણામાં ૧૧ હજારથી વધુ એમ રાજ્યભરમાં કુલ ૨.૩૬ લાખથી વધુ નાગરિકો સ્વ-ગણતરીમાં જોડાયા છે.

રાજ્યભરમાં મહત્તમ નાગરિકો ટેકનોલોજીના ઉપયોગથી ઘરે બેઠા સ્વ-ગણતરી ફોર્મ ભરશે તો પોતાની સચોટ માહિતીની સાથે સાથે વસતી ગણતરી કરતા કર્મચારી પર કામનું ભારણ ઘટવાની સાથે કામમાં વધુ ઝડપ પણ આવશે. આ રાષ્ટ્રવ્યાપી સ્વ-ગણતરી ઝુંબેશમાં વધુમાં વધુ નાગરિકો સહભાગી થાય તે માટે વસ્તી ગણતરી નિયામક શ્રી સુજલ જે. મયાત્રાએ રાજ્યના નાગરિકોને અનુરોધ કર્યો હતો. વસ્તી ગણતરી નિયામક શ્રી મયાત્રાએ વધુમાં કહ્યું હતું કે, આ સ્વ-ગણતરી અભિયાનમાં નાગરિકોની સાથે સાથે વધુમાં વધુ કર્મયોગીઓ પણ સહભાગી થાય તે માટે રાજ્યમાં તા. ૨૯મેના રોજ આરોગ્ય અને શિક્ષણ વિભાગ તેમજ તા. ૩૦ મે-૨૦૨૬ના રોજ પોલીસ વિભાગ અંતર્ગત આવતા રાજ્યભરના તમામ કર્મયોગીઓ સ્વ-ગણતરી ફોર્મ ભરશે. વર્ષ ૨૦૨૭ની વસ્તી ગણતરીમાં પ્રથમ વખત શરૂ કરાયેલી સ્વ-ગણતરી પદ્ધતિથી ઓનલાઈન પોર્ટલ અને મોબાઈલથી માહિતી આપી શકાશે. માત્ર નિશ્ચિત ક્યુઆર કોડ દ્વારા પોતાની સ્વ-ગણતરીનું ફોર્મ ભરી શકાય છે.

તેમણે ઉમેર્યું કે, આ વખતે જનગણનામાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને એન્ડ્રોઈડ અને iOS એપ પર ગુજરાતી સહિત ૧૬ ભાષાઓમાં તેમજ ઓફલાઈન ડેટા એકત્રિત કરવામાં આવશે. નાગરિકો માટે 'સ્વ-ગણતરી' (Self-Enumeration)નો વિકલ્પ પણ ઉપલબ્ધ રહેશે, જેમાં ઉત્તરદાતાઓ તા. ૧૭ મે થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન અધિકૃત પોર્ટલ https://se.census.gov.in પર પોતાની વિગતો જાતે ભરી શકશે.

સ્વ-ગણતરી બાદ પ્રાપ્ત થયેલ SE ID ગણતરીદારની મુલાકાત વખતે આપવાનો રહેશે. સ્વ-ગણતરી ડેટાની પુષ્ટિ કર્યા પછી, ગણતરીદાર તેને મૂળ ડેટાબેઝમાં સમાવશે. આ પ્રક્રિયાથી ડેટા સંગ્રહ ઝડપી બનશે અને ફિલ્ડ વર્કનું ભારણ ઘટશે.

નિયામક શ્રી મયાત્રાએ વધુ વિગતો આપતા કહ્યું હતું કે, 'જનગણનાથી જન કલ્યાણ'ના મંત્ર સાથે યોજાનાર જનગણનાની કામગીરી મુખ્યત્વે બે તબક્કામાં વહેંચવામાં આવી છે. પ્રથમ તબક્કામાં 'ઘરયાદી અને મકાનોની ગણતરી' (HLO) ગુજરાતમાં તા. ૧ જૂન, ૨૦૨૬ થી ૩૦ જૂન, ૨૦૨૬ દરમિયાન હાથ ધરવામાં આવશે. આ તબક્કા દરમિયાન આવાસની સ્થિતિ, કુટુંબની વિગતો, પીવાના પાણીનો સ્રોત, શૌચાલયની સુવિધા અને અન્ય અસ્કયામતો સહિત કુલ ૩૩ પ્રશ્નો પૂછવામાં આવશે. બીજા તબક્કામાં 'વસ્તીની ગણતરી' (PE) તા. ૯ ફેબ્રુઆરી થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૭ દરમિયાન કરવામાં આવશે. આ બીજા તબક્કા દરમિયાન જ જાતિ ગણતરીની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવશે.

ડેટા સુરક્ષા અંગે ખાતરી આપતા નિયામકશ્રીએ જણાવ્યું હતું કે, જનગણના અધિનિયમ, ૧૯૪૮ અને જનગણના નિયમો, ૧૯૯૦ની જોગવાઈ હેઠળ એકત્રિત કરાયેલી તમામ વ્યક્તિગત માહિતી ગુપ્ત રાખવામાં આવશે અને તેનો ઉપયોગ કાનૂની અથવા કરવેરાના હેતુઓ માટે કરી શકાશે નહીં. દરેક વ્યક્તિ સાચી અને સંપૂર્ણ માહિતી આપવા માટે કાયદેસર રીતે બંધાયેલ છે અને માહિતી આપવાનો ઈનકાર કરવા બદલ દંડની જોગવાઈ પણ છે. જનતાને કોઈપણ મૂંઝવણ કે માહિતી માટે ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ટોલ-ફ્રી નંબર ૧૮૫૫ અથવા વેબસાઈટ www.censusindia.gov.in પર સંપર્ક કરવા જનગણના કાર્ય નિદેશાલય, ગુજરાત દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. - જનક દેસાઈ

# બ્રાઝીલમાં લોડ થયેલુ ૧૧૮૦ કરોડનુ કોકેઈન પાકિસ્તાન થઈને કચ્છમાં આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતને ડ્રગ્સ મુકત કરવાના અભિયાન અંતર્ગત ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ ( એટીએસ )અને પશ્ચિમ કચ્છ એસઓજી પોલીસને સંયુકત ઓપરેશનમાં એક બહુ મોટી સફળતા મળી છે. કચ્છના મહત્વના ગણાતા મુંદ્રા બંદર પરથી કરોડો રૂપીયાની કિંમતનુ આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ નેટવર્ક ઝડપી પાડવામાં આવ્યુ છે. દરીયાઈ માર્ગે થઈ રહેલી આ ગેરકાયદેસર હેરાફેરીની ચોકકસ બાતમીના આધારે સુરક્ષા એજન્સીઓએ આ આખુ ઓપરેશન પાર પાડયુ છે. ગુજરાત એટીએસ, કોસ્ટ ગાર્ડ,




એસઓજીએ મધ દરીયે ઓપરેશન પાર પાડયુ હતું. અલગ અલગ દેશોમાં ફરી પાકિસ્તાન થઈને જહાજ ગુજરાત આવ્યુ હતું. આ અંગે રાજયના ઈન્ચાર્જ ડીજીપી કે એલ એન રાવે પ્રેસ કોન્ફરન્સ યોજી જણાવ્યુ હતુ કે બ્રાઝીલ, લેટીન, અમેરીકા, યુએસ અને કરાચી થઈ બોટ મુંદ્રા આવી હતી. એમએસસી નામના જહાજમાંથી ૧૧૫ કિલો જેટલો કોકેઈન જથ્થો પકડાયો છે. જેની બજાર કિંમત ૧૧૮૦ કરોડ છે. ૨૬ મે ના રોજ બોટમાં તપાસ કરવામાં આવી હતી, બે શંકાસ્પદ શખ્સોની અટકાયત કરાઈ છે. ડીજીપી કે એલ એન રાવે કહ્યુ હતુ કે પાણીમાં નાખેલી ૫ થેલીઓ પણ તપાસમાં મળી આવી છે. આ થેલીઓમાં કોકેઈન ભરેલુ હતું. કસ્ટમ્સ ની ટીમ પણ તપાસમાં જોડાઈ હતી. આ કોકેઈન બોટમાં બ્રાઝીલથી લોડ કરાયુ હતું. જેને દિલ્હીમાં ડીલીવર કરવાનુ હતું. પોલીસની તપાસ દરમિયાન એક વ્યકિત દરીયામાં કુદી ગયો હતો, જયારે બે શખ્સોને ઝડપી લેવાયા હતા. આ ઘટનામાં કુલ ૩ વ્યકિતઓની ધરપકડ કરાઈ છે.

# મદાર–પાલનપુર રેલખંડ પર એન્જિનિયરિંગ કાર્ય માટે બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

ઉત્તર પશ્ચિમ રેલવે દ્વારા અજમેર રેલ મંડળના મદાર–પાલનપુર રેલખંડ પર ઔવા યાર્ડ સ્થિત બ્રિજ નં. ૫૯૬ પર RCC બોક્સ નાખવાના કામ માટે તા. ૨૯ મે, ૨૦૨૬ના રોજ બ્લોક લેવામાં આવી રહ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે.

સંપૂર્ણ રદ ટ્રેનો

- ટ્રેન નં. ૧૪૮૨૨ સાબરમતી–જોધપુર એક્સપ્રેસ તા. ૨૯.૦૫.૨૦૨૬ અને ૩૦.૦૫.૨૦૨૬ના રોજ રદ રહેશે.
- ટ્રેન નં. ૧૪૮૨૧ જોધપુર–સાબરમતી એક્સપ્રેસ તા. ૨૮.૦૫.૨૦૨૬ અને ૨૯.૦૫.૨૦૨૬ના રોજ રદ રહેશે.

માર્ગ પરિવર્તિત ટ્રેનો

- તા. ૨૯.૦૫.૨૦૨૬ની ટ્રેન નં. ૧૯૨૨૩ સાબરમતી–જમ્મુ તવી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગે મહેસાણા–ભીલડી–લૂણી થઈને દોડશે.
- તા. ૨૯.૦૫.૨૦૨૬ની ટ્રેન નં. ૧૪૭૦૭ હનુમાનગઢ–દાદર રણકપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગે લૂણી–ભીલડી–મહેસાણા થઈને દોડશે.
- તા. ૨૯.૦૫.૨૦૨૬ની ટ્રેન નં. ૨૦૯૪૪ ભગત કી કોઠી–બાંદ્રા ટર્મિનસ એક્સપ્રેસ પરિવર્તિત માર્ગે લૂણી–ભીલડી–મહેસાણા થઈને દોડશે.
- તા. ૨૮.૦૫.૨૦૨૬ની ટ્રેન નં. ૨૦૯૪૩ બાંદ્રા ટર્મિનસ–ભગત કી કોઠી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગે મહેસાણા–ભીલડી–લૂણી થઈને દોડશે.
- તા. ૨૮.૦૫.૨૦૨૬ની ટ્રેન નં. ૨૦૪૯૬ હડપસર–જોધપુર એક્સપ્રેસ પરિવર્તિત માર્ગે મહેસાણા–ભીલડી–લૂણી થઈને દોડશે.
- તા. ૨૯.૦૫.૨૦૨૬ની ટ્રેન નં. ૧૪૭૦૧ શ્રીગંગાનગર–બાંદ્રા ટર્મિનસ અરાવલી એક્સપ્રેસ પરિવર્તિત માર્ગે અજમેર–ચિત્તોડગઢ–રતલામ–વડોદરા થઈને દોડશે.

રિશેડ્યૂલ ટ્રેન

- તા. ૨૯.૦૫.૨૦૨૬ની ટ્રેન નં. ૧૯૦૩૧ સાબરમતી–યોગનગરી ઋષિકેશ યોગા એક્સપ્રેસ સાબરમતીથી ૨ કલાક ૧૫ મિનિટ મોડી પ્રસ્થાન કરશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય તથા રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.


**પશ્ચિમ રેલ્વે**
તાત્કાલિક સમારકામ કાર્યો
ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008, ઇ-ટેન્ડર સૂચના નં. BCT/26-27/46 તા. 22/05/2026 ને આમંત્રણ આપે છે. કામ અને સ્થાન: મુંબઈ સેન્ટ્રલ-જગજીવનરામ હોસ્પિટલ-છૂટક અસુરક્ષિત છત પ્લાસ્ટર, સ્તંભ અને દિવાલ વગેરેનું તાત્કાલિક સમારકામ. કામનો અંદાજિત ખર્ચ: ₹2,40,65,764.47. EMD: ₹4,81,300/- તારીખ અને સમય: તા.16.06.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.16.06.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. મેન્યુઅલ ઑફર્સ ધ્યાનમાં લેવામાં આવશે નહીં. 0156
અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**
સમારકામ કાર્ય
ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, છઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 ટેન્ડર સૂચના નં. BCT/26-27/51 તારીખ 26.05.2026 કામ અને સ્થાન: અંધેરી-વિરાર સેક્શન મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના SSE (બ્રિજ) બોરીવલીના અધિકારક્ષેત્રમાં વિવિધ સ્થળોએ ફૂટ ઓવર બ્રિજનું સમારકામ. કામનો અંદાજિત ખર્ચ: ₹2,47,96,924.25 EMD: ₹4,95,900/- તારીખ અને સમય: તા.19.06.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.19.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0173
અમને લાઈક કરો: X.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**
વિવિધ કામો
ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA0, પશ્ચિમ રેલ્વે, 6'th માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008 ટેન્ડર સૂચના નં.: BCT/26-27/48 તારીખ 25.05.2026 કામ અને સ્થાન: (1) જોરાવાસન - સુરત વિભાગ - DEN/C/MMCT હેઠળ વિવિધ સ્ટેશનોમાં દિવ્યાંગજન માટે રેમ્પ, ટેક્ટાઇલ ટાઇલ્સ, પાર્કિંગ લોટ, સ્લિપ રેઝિસ્ટન્સ સપાટી વગેરે પૂરું પાડવું. (2) ઉધના ન્યૂ ગુડ્સ શેડ (UNGU) - સુરત એન્ડ પર લાઇન 4 પર હાઇ લેવલ ગુડ્સ પ્લેટફોર્મ ઊભું કરવું 200 x 6 મીટર. (3) સુરત: હાઇ લેવલ પેસેન્જર પ્લેટફોર્મનું વિસ્તરણ. (4) જોરાવાસન-સુરત વિભાગ - બીલીમોરા, અમલસાડ અને નવસારી ખાતે કાટવાળું, કાટવાળું અને લીકી વેલી ગટર અને COP છત પર સુધારો. (ઇલેક્ટ્રિકલ ભાગ સહિત સંયુક્ત ટેન્ડર.) અંદાજિત કામની કિંમત: ₹6,95,88,229.19/- EMD: ₹13,91,800/- સબમિશનની તારીખ અને સમય: તા.19.06.2026 ના 15.00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા.19.06.2026 ના રોજ 15.30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0167
અમને ફોલો કરો: X.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
મટીરીયલ મેનેજમેન્ટ વિભાગ
ઈ-ઓક્શન વેચાણ કાર્યક્રમ માટે સુધારો
ઈ-હરાજી વેચાણ સૂચના નંબર SIII/હરાજી કાર્યક્રમ -1 /મે-2026 DT-17.04.2026
મે-2026 મહિનામાં ભાવનગર પારા ખાતે તા.28.05.2026 ના રોજ યોજાનાર ઇ-ઓક્શન વેચાણ કાર્યક્રમ ફરીથી શેડ્યૂલ કરવામાં આવ્યો છે અને તા. 29.05.2026 ના રોજ યોજાવાનો છે. અન્ય તમામ નિયમો અને શરતો યથાવત રહેશે. વધુ માહિતી માટે કૃપા કરીને પશ્ચિમ રેલ્વેના મટીરીયલ મેનેજમેન્ટ વિભાગની વેબસાઇટ wr.indianrailways.gov.in તેમજ www.ireps.gov.in ઇ-ઓક્શન પોર્ટલની મુલાકાત લો.
(SIII/હરાજી કાર્યક્રમ-II/મે-2026 Dt. 26.05.2026) 0175
અમને લાઈક કરો: facebook.com/WesternRly | અમને ફોલો કરો: twitter.com/WesternRly

# સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો અને બેલદારોનું ખાનગી કામોમાં શોષણ અને વહીવટી ગેરરીતિ અટકાવવા સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળની માંગ

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોન હેઠળની વિવિધ વોર્ડ ઓફિસો (જેમ કે અઠવા, જાની ફરસાણ, ઉમરા, પીપલોદ વગેરે) માં ફરજ બજાવતા અંદાજે ૨૦ થી ૨૫ સફાઈ કામદારો અને બેલદારોનું કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા અત્યંત ગેરકાયદેસર રીતે શોષણ કરવામાં આવી રહ્યું છે. આ એક અત્યંત ગંભીર અને શરમજનક બાબત છે. જે સફાઈ કર્મચારીઓને શહેરની સાફ-સફાઈ માટે પ્રજાના ટેક્સના પૈસામાંથી પગાર ચૂકવવામાં આવે છે, તે કર્મચારીઓનો ઉપયોગ હાલમાં કેટલાક અધિકારીઓ પોતાના અંગત બંગલાઓ, ફ્લેટ્સ અને તેમના સગાસંબંધીઓની ઓફિસોમાં ઘરકામ, વાસણ-કપડાં અને અન્ય અંગત કામો માટે કરી રહ્યા છે. આ કર્મચારીઓને સવારથી લઈને મોડી રાત સુધી આ કામગીરીમાં રોકી રાખવામાં આવે છે.

વધુમાં, કેટલીક ખાનગી રેસ્ટોરન્ટ અને ડેરીઓ પાસેથી મફતમાં નાસ્તા, મીઠાઈ અને દૂધ જેવી વસ્તુઓ અધિકારીઓના ઘરે પહોંચાડવાનું કામ પણ આ કર્મચારીઓ પાસે કરાવવામાં આવે છે.

આના પરિણામે, જે અધિકારીઓ પાસે આ દુકાનોનું ફૂડ સેફટી ચેકિંગ કરવાની સત્તા છે, તેઓ પોતે જ આ વેપારીઓ પાસેથી લાંચરૂપી ભેટ-સોગાદો લેતા હોવાથી શહેરમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા જોખમાઈ રહી છે અને પ્રજાના સ્વાસ્થ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે.

● આ સમગ્ર પ્રકરણમાં સૌથી મોટું કૌભાંડ હાજરી પૂરવાની પદ્ધતિમાં છે. જ્યારે આ કર્મચારીઓ ફિલ્ડ પર કે અધિકારીઓના ઘરે કામ કરતા હોય, ત્યારે વોર્ડ ઓફિસના જવાબદાર કર્મચારીઓ તેમની હાજરી પંચિંગ મશીનમાં ખોટી રીતે પૂરી રહ્યા છે. આ સ્પષ્ટપણે સુરત મહાનગરપાલિકાની ફરજમાં ગેરરીતિ અને ભ્રષ્ટાચારનો કિસ્સો છે.

● સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળની માંગ:

(૧) તાત્કાલિક અસરથી આ પ્રકારની તમામ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બંધ કરવામાં આવે.

(૨) અઠવા ઝોનની તમામ વોર્ડ ઓફિસોની હાજરીના રેકોર્ડ અને પંચિંગ મશીન ડેટાની ઉચ્ચસ્તરીય તપાસ કરવામાં આવે.

(૩) કયા અધિકારીઓ અને કર્મચારીઓ આ શોષણમાં સામેલ છે, તેમની સામે સખત શિસ્તભંગના પગલાં લેવામાં આવે અને તેઓની પાસેથી અત્યાર સુધીનો આ કર્મચારીઓનો પગાર વસૂલ કરવામાં આવે.

(૪) જે સફાઈ કામદારોને તેમના મૂળ કામથી દૂર રાખીને અંગત નોકર તરીકે રાખવામાં આવ્યા છે, તેમને તાત્કાલિક સાફ-સફાઈની કામગીરીમાં પરત મોકલવામાં આવે.

● જો આ બાબતે સત્વરે કાર્યવાહી કરવામાં નહીં આવે, તો સફાઈ કામદારોના આ માનવીય અધિકારોના હનન અને ભ્રષ્ટાચાર સામે ઉચ્ચસ્તરે રજૂઆત કરવાની અને જનઆંદોલન કરવાની ફરજ પડશે. આશા છે કે આ ગંભીર બાબતને ધ્યાને લઈ વહીવટી તંત્રની ગરિમા જાળવી રાખવા માટે કડક પગલાં ભરવા સુરત મહાનગરપાલિકા કર્મચારી મહામંડળ ના પ્રમુખ ભાઈલાલ બી.વૈષ્ણવ, ઉપપ્રમુખ કિરીટસિંહ વાઘેલા, મહામંત્રી મોહંમદ ઈકબાલ શેખ અને મંત્રી હરીશભાઈ રાઠોડ ધ્વારા મ્યુ. કમિશ્નર સુરત ને લેખિત ફરિયાદ કરવામાં આવેલ છે.

### જેનું રજી.સને ૨૦૦૫ માં કેન્સલ થઈ ગયું છે એવી

# કપડાં માર્કેટના વહેપારીઓ માટે બનાવેલી સંસ્થા ફોસ્ટા આજે માત્ર ફોટા પડાવવા પૂરતી જ મર્યાદિત છે?

### કાપડ માર્કેટના વહેપારીઓના હિત માટે બનાવવામાં આવેલી સંસ્થા ફોસ્ટાના પ્રમુખ કૈલાસ હકીમજી માત્ર ને માત્ર જી હજૂર અને હાજીહા કરનારા જ છે?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતમાં ૩૦-૩૫ વર્ષો ઉપરાંત કપડા માર્કેટ (ટેક્ષટાઈલ્સ માર્કેટ)ના વેપારીઓના હિત માટે બનાવવામાં આવેલી સંસ્થા જેનું નામ ફોસ્ટા છે. એવી આ સંસ્થાનું રજીસ્ટ્રેશન સને ૨૦૦૫ માં BPMC એક્ટ હેઠળ રદ કરવામાં આવેલ છે. છતાં ફોસ્ટા ના નામે આજે કાર્યરત છે. જેના પ્રમુખ કૈલાસ હકીમજી છે જે સંસ્થાનું સંચાલન કરી રહ્યા છે.

આ સંસ્થા એટલે કે ફોસ્ટાનો મૂળ હેતુ કાપડ બજારના વહેપારીઓના હિતોનું રક્ષણ કરી એમને ન્યાય અપાવવાનો છે. દાખલા તરીકે કોઈ બિલ્ડર દ્વારા ઉભા કરાયેલા પ્રોજેક્ટોમાં કાપડ બજારના વહેપારીઓએ વેચાણ રાખેલી દુકાન, ગોડાઉન કે અન્ય મિલકતોમાં બિલ્ડરો દ્વારા કરાયેલી છેતરપિંડીનો ભોગ બનનાર કાપડ વહેપારીઓને ન્યાય અપાવવો. એમના ફસાયેલા નાણાં પાછા અપાવવા અથવા એમણે (વહેપારીઓએ) વેચાણ રાખેલી મિલકતનો કબજો અપાવવો. એજ રીતે સુરતના કપડા બજારનો માલ માત્ર દેશના વિવિધ રાજ્યોના શહેરોમાં જ નહીં પરંતુ વિદેશોમાં પણ જતો હોય છે અને એમાં સુરતના વહેપારીઓના નાણાં પણ ફસાઈ જાય છે. એવા વહેપારીઓની પડખે ઊભા રહેવાનું કામ ફોસ્ટાના પ્રમુખ અને તેમની ટીમનું છે. પરંતુ કમનશિબી એ છે કે હાલના આ વર્તમાન પ્રમુખ કૈલાસ હકીમજી રાજકીય નેતાની




ખુસામતથી જી હજૂર હાજર હૈ જેવી નીતિ અપનાવી માત્ર ને માત્ર ફોટા પડાવીને જ ફોસ્ટાનું ગૌરવ વધારી રહ્યા હોય એમ લાગી રહ્યું છે.

હવે એક નજર કરીએ એક સમયના સમાજના પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ અને વહેપારીઓ કે જેઓ એકબીજા વહેપારીઓને મદદરૂપ થતાં હતા. ભામાશા જેવા દાનવીર ઉદ્યોગપતિઓ અને વહેપારીઓ જેવા કે ગજાનંદ માલપાણીજી, જે.પી. શાહ, મહેન્દ્રસિંહ સુલેજા, પ્રમોદભાઈ ચૌધરી, ઓમજી શાલુ, કમલ તુસ્યાની, સાવરમલ બુધિયાજી ઉપરોક્ત આ તમામ ઉદ્યોગપતિઓ વહેપારીઓના હિત માટે કેન્દ્રમાં જે તે સમયના ટેક્ષટાઈલ મંત્રી કાશીરામ રાણા અને રાજનેતાઓને પણ ભલામણ કરી વહેપારીઓને ન્યાય અપાવતા હતા. જેમને આજે પણ વહેપારીઓ યાદ કરી રહ્યા છે. એટલું જ નહીં પરંતુ ઉપરોક્ત ઉદ્યોગપતિઓએ જ્યારે સુરતમાં રેલ આવી ત્યારે પણ એ સમયના ટેક્ષટાઈલ મંત્રી શંકરસિંહ વાઘેલા સાથે રૂબરૂ મુલાકાતો લઈને વહેપારીઓને થયેલા નુકસાન અંગે રજૂઆતો કરીને એમના (વેપારીઓ અને વિવર્સના) હિતમાં કાર્યવાહી કરીને વહેપારીઓને ન્યાય અપાવેલો. અને વહેપારીઓને લાખોની રાહત મળેલી એવા આ લાગણીશીલ ઉદ્યોગપતિઓ એ કોઈ અસામાજિક તત્વોને ઓફિસમાં પ્રવેશ નહીં આપેલો કે નહીં કે પછી નહીં કોઈ અસામાજિક તત્વોનો સહારો એમણે લીધો નથી. એમણે માત્ર ને માત્ર વહેપારીઓના હિતોની જ વાત કરી હતી. અને વહેપારીઓના હિતોને જ સર્વોપરી માની સંસ્થા ચલાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છેકે સુરતમાં જ જ્યારે શિવ શક્તિ માર્કેટમાં આગ લાગેલી ત્યારે ફોસ્ટાના અધ્યક્ષે એટલે કે કૈલાસજી હકીમજી એ જે સહાનુભૂતિ બતાવેલી કે એનાથી એમ લાગતું હતું કે જે વહેપારીઓને આગમાં લાખો, કરોડોનું નુકસાન પહોંચ્યું હતું અને કેટલાકની નગદ રોકડ પણ બળી ગઈ હતી એવા વહેપારીઓને જલ્દીથી ન્યાય મળશે પરંતુ આજ સુધી વેપારીઓને ન્યાય મળ્યો નથી અને નુકસાન પામેલ શિવ શક્તિ માર્કેટ પ્રોજેક્ટ આજે ત્યાંનો ત્યાં જ છે. એ સમયે એમ પણ લાગતું હતું કે ફોસ્ટાના પ્રમુખ જ ફાયરના ચીફ હોય એમ રાત-દિવસ ત્યાં રહેનારા પ્રમુખની સહાનુભૂતિ આજે ક્યાં ગઈ છે? કેમ આજે વહેપારીઓને બે વર્ષથી ન્યાય કેમ નથી અપાવી શક્યા? અને આજદિન સુધી ન્યાય કેમ નથી મળ્યો? ફોસ્ટાના પ્રમુખ તરીકે તમે રાજનેતાઓને ભલામણ કરો છો એ સારી વાત છે એની સામે અમને વાંધો નથી પરંતુ ખરડાયેલી છબીવાળા ના હોવા જોઈએ. સાફ સુથરી છાપ ધરાવતા હોવા જોઈએ તથા પ્રજાલક્ષી કામગીરી કરતાં હોવા જોઈએ. સાફ સુથરી છાપ વાળા રાજસ્થાનના મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન બને એના માટે પ્રયત્નો કરવા જોઈએ. અને સર્વ રાજસ્થાની સમાજ આવકારે એવા હોવા જોઈએ.

# રાજયભરમાં ગરમીને કારણે સ્કુલોનુ વેકેશન ૧૦ દિવસ લંબાવવા શાળા સંચાલક મંડળે મુખ્યમંત્રીને લખ્યો પત્ર

પ્રતિનિધિ,ગાંધીનગર

માર્ચ મહિનાની શરૂઆતથી જ અમદાવાદ સહિત રાજયભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. હીટવેવ અને અસહ્ય ગરમીને કારણે ઉનાળો આકરો બન્યો છે.

એકતરફ આગઝરતી ગરમી પડી રહી છે. તો બીજી તરફ હવે આગામી ૮ જુનથી શાળાઓનુ ઉનાળુ વેકેશન પૂર્ણ થવા જઈ રહ્યુ છે. ત્યારે શાળાઓમાં ઉનાળુ વેકેશન ૧૦ દિવસ લંબાવવા માંગ ઉઠી છે.

રાજયના શાળા સંચાલક મંડળે ૮ જુનથી શરૂ થનારા સત્ર ૧૮ જુનથી શરૂ કરવા માંગ કરી છે. જે અંગે મુખ્યમંત્રીને પત્ર લખી આ માંગ કરવામાં આવી છે. શાળાઓમાં વેકેશન પડતા ની સાથે જ રાજયભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે. આ વખતે ગરમીનો પારો ૪૪ ડીગ્રીને પાર



પહોચી ગયો છે. જેના કારણે અમદાવાદ જેવા મોટા શહેરોમાં યલો એલર્ટ, ઓરેન્જ એલર્ટની આગાહી કરવામાં આવી છે. એક તરફ ઉનાળો આકરો બન્યો છે અને બીજી તરફ ઈંધણની કમીને ધ્યાને લઈ શાળાઓમાં વેકેશન લંબાવવા માંગ કરવામાં આવી છે.

શાળા સંચાલક મહામંડળે વેકેશન ૧૦ દિવસ લંબાવવા માંગ કરી છે. ઉનાળાનુ વેકેશન ૮ જુનથી શરૂ થનાર સત્ર ૧૮ જુનથી શરૂ કરવા માંગ કરવામાં આવી છે. રાજયભરમાં ૪૦ ડીગ્રીથી વધુ તાપમાન રહેતુ હોવાથી શાળાઓ જલ્દી શરૂ ન કરવી જોઈએ તેવુ શાળા સંચાલક મંડળનુ કહેવુ છે.

શાળા સંચાલક મંડળના પ્રમુખ ભાસ્કર પટેલનુ કહેવુ છે કે વડાપ્રધાને પણ ઈંધણ બચાવવા અપીલ કરી હોવાથી વેકેશન લંબાવવામાં આવે, નવુ સત્ર શરૂ થયા બાદ ધોરણ ૧ થી ૫ માટે અઠવાડીયાના ૫ દિવસ શિક્ષણ આપવામાં આવે, ધોરણ ૬ થી ૮ માટે અઠવાડીયાના ૩ દિવસ અને ધોરણ ૯ થી ૧૨ ઓનલાઈન કરવા માંગ કરવામાં આવી છે. મુખ્યમંત્રીને લખેલા પત્રમાં જણાવ્યુ છે કે ગુજરાતમાં છેલ્લા દસેક દિવસથી ગરમીનો પારો ૪૦ થી ૪૪ ડીગ્રી આસપાસ જોવા મળ્યો છે. બપોરે ૧૨ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી કરફયુ જેવી સ્થિતિ શહેરોમાં જ નહી નાના ગામડાઓમાં પણ જોવા મળે છે. આ બાજુ ઉનાળુ વેકેશન પૂર્ણ થઈ ૮ જુનથી શાળાઓ શરૂ થવાની તૈયારીઓ ચાલી રહી છે. એવા સંજોગોમાં અમે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે કે આવનારૂ વેકેશન ૧૮ તારીખ સુધી લંબાવવામાં આવે, ગુજરાતમાં ૨૦ કે ૨૨ તારીખ આસપાસ વરસાદ આવી જતો હોય છે. આથી એકાદ વરસાદ થઈ જાય તો વાતાવરણમાં ઠંડક તથા નાના બાળકોને ઠંડક મળે.

# વિકાસ કાર્યોમાં વિલંબને ટાળવા માટે નવી એસઓપી બનાવવા મુખ્યમંત્રીનો આદેશ: પ્રવકતા મંત્રી જીતુ વાઘાણી

પ્રતિનિધિ,ગાંધીનગર

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આજે બુધવારે રાજયમંત્રી મંડળની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ચર્ચાયેલા વિષયો અંગે પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રીએ વહિવટમાં પારદર્શીતા અને ઝડપ લાવવાની સાથે નાગરીકોની સુવિધાને પ્રાધાન્ય આપવા માટે કેટલીક મહત્વપૂર્ણ સુચનાઓ આપી હતી. મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતુ કે ચોમાસાના આગમનને ધ્યાનમાં રાખીને રાજયમાં પ્રિ-મોનસુન કામગીરી અત્યંત વેગથી પૂર્ણ કરવા મુખ્યમંત્રીએ સુચના આપી છે. વરસાદ દરમિયાન નાગરીકોને કોઈપણ પ્રકારની હાલાકી ન ભોગવવી પડે તે માટે તંત્રને સુસજજ રહેવા તાકીદ કરવામાં આવી છે. વધુમાં શહેરી વિસ્તારોમાં નગરપાલિકાઓ અને




મહાનગરપાલિકાઓ દ્વારા વિકસિત કરવામાં આવેલા જે તળાવો ખાલી છે તેને ભરવા માટે તાત્કાલીક પાણીના સ્ત્રોત શોધીને સત્વરે પાણી ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા કરવા મુખ્યમંત્રીએ સુચના આપી છે તેવુ મંત્રીએ જણાવ્યુ હતું. તેમણે વધુમાં કહ્યુ હતુ કે રાજયના વિવિધ વિકાસ કાર્યોમાં ગતિ લાવવા માટે મુખ્યમંત્રીએ વિવિધ પ્રોજેકટની સઘન સમીક્ષા કરી છે. પ્રોજેકટ મંજુર થયા બાદ શરૂઆતમાં થતો વિલંબ ટાળવા માટે, ખાસ કરીને જમીન સંપાદન અને વનવિભાગ સહિતના વિવિધ વિભાગોની એનઓસી જેવી મંજુરીઓ સત્વરે મળી જાય તે અત્યંત જરૂરી છે. આ પ્રક્રિયાને વેગ આપવા માટે નવી એસઓપી બનાવવા મુખ્યમંત્રીએ રાજયના મુખ્ય સચિવને સુચના આપી હતી. આ ઉપરાંત રાજયમાં ચાલી રહેલા બાંધકામ અને ઈન્ફ્રાસ્ટ્રકચરના કામોમાં ગુણવત્તા સાથે કોઈ બાંધછોડ ન કરવા પણ મુખ્યમંત્રીએ કડક સુચના આપી હતી. એન્જીનીયરીંગ ક્ષેત્રે કોઈ ક્ષતિ ન રહે, ખાસ કરીને બિલ્ડીંગના લાઈન-લેવલ અને ફલોરીંગ જેવી નાની બાબતોમાં પણ એન્જીનીયરો દ્વારા દુર્લક્ષ ન સેવાય તેની તકેદારી રાખવા તથા જયાં પણ ત્રુટીઓ જણાય ત્યાં ત્વરીત સુધારો કરવા મુખ્યમંત્રીએ તાકીદ કરી હતી.

મંત્રીએ વધુમાં જણાવ્યુ હતુ કે રાજયના મહાનગરપાલિકા વિસ્તારોમાં વૃક્ષારોપણની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા શહેરી વિકાસ વિભાગને જરૂરી ફંડની વ્યવસ્થા કરવા સુચના અપાઈ છે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છતા હી સેવા ના અભિયાનને પાયાના સ્તર સુધી મજબુત કરવા માટે ગ્રામ પંચાયત, તાલુકા અને જિલ્લા પંચાયત સ્તરે સ્વચ્છતા માટે એક અલગ હેડ ઉભુ કરવા માટે પણ મુખ્યમંત્રીએ સુચન કર્યુ હતું.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં આધારકાર્ડમાં સુધારો કરાવવા માટે હવે રવિવારે પણ મળશે સુવિધા

### હિંમતનગર અને મોડાસામાં હેડ પોસ્ટ ઓફિસ તેમજ મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે આવેલ આધાર કેન્દ્ર પર સુધારો કરી શકાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર અને અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા ખાતે મહત્વના સમાચાર રૂપે જણાવવાનુ કે હિંમતનગર હેડ પોસ્ટ ઓફીસ તેમજ મોડાસા મુખ્ય પોસ્ટ ઓફિસ ખાતે આવેલ આધાર કેન્દ્ર દર રવિવારે પણ કાર્યરત રહેશે. આ નિર્ણય નાગરીકોને વધુ સુવિધા પુરી પાડવા માટે લેવામાં આવ્યો છે. નોકરીયાત વર્ગ તેમજ અન્ય નાગરીકોને કામકાજના દિવસોમાં સમય કાઢવામાં મુશ્કેલી પડતી હોય છે.

જેથી સુવિધાને ધ્યાનમાં રાખીને હવે રવિવારે પણ આધાર સેવાઓ ઉપલબ્ધ રહેશે. આ આધાર કેન્દ્ર સોમ થી શુક્રવાર દરમિયાન સવારે ૮ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી તથા રવિવારે સવારના ૯ વાગ્યા થી સાંજે ૫ વાગ્યા સુધી ચાલુ રહેશે. જેમાં નાગરીકો આધારકાર્ડમાં કેટલીક સેવાઓનો લાભ લઈ શકશે. જેમાં (૧) નામમાં સુધારો (૨) સરનામા માં સુધારો (૩) જન્મ તારીખ સુધારો (૪) મોબાઈલ નંબર અપડેટ (૫) ઈ-મેઈલ આઈડી અપડેટ (૬) બાયોમેટ્રીક અપડેટ (૭) ફીંગર પ્રિન્ટ (૮) આઈરીસ અપડેટ વગેરે સુવિધાઓ મળી રહેશે. ભારતીય ટપાલ વિભાગ દ્વારા પોસ્ટ અસિફસોમાં આધાર નોંધણી અને અપડેશનની સુવિધા આપવામાં આવે છે. સાબરકાંઠા પોસ્ટ ડીવીઝન દ્વારા નાગરીકોને અપીલ કરવામાં આવે છે કે રવિવારની આ વિશેષ સુવિધાનો વધુમાં વધુ લાભ લો, તથા આધાર સંબંધિત જરૂરી કામગીરી સરળતાથી પૂર્ણ કરો, વધુમાં માહિતી માટે નાગરીકોએ હિંમતનગર હેડ પોસ્ટ ઓફિસ તથા મોડાસા મુખ્ય પોસ્ટ ઓફિસનો સંપર્ક સાધવો.

# એનડીએ શાસિત રાજયોના મુખ્યમંત્રી-નાયબ મુખ્યમંત્રીનુ આગામી ૧૦ જુને દિલ્હીમાં યોજાનારી બેઠક

### વડાપ્રધાન પદે નરેન્દ્ર મોદીને ૧૨ વરસ પૂર્ણ થતા દેશભરમાં ઉજવણી કરવાની રૂપરેખા તૈયાર કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રમાં ભાજપ પ્રેરિત એનડીએ ગઠબંધનની વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં તાજેતરમાં ૧૨ વરસ પૂર્ણ થવાના અવસરે સેવા કાર્યો સાથે દેશભરમાં ઉજવણી કરવા માટેનો તખ્તો ગોઠવવામાં આવી રહ્યો છે. આગામી ૧૦ જુનના રોજ દિલ્હી ખાતે એનડીએ શાસિત રાજયોના તમામ મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની મહત્વપૂર્ણ બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જેમાં મોદી સરકારની ૧૨ વરસની કામગીરીનો રીપોર્ટ દેશના દરેક નાગરીક સુધી પહોચાડવા માટે ખાસ અભિયાન હાથ ધરવા સંદર્ભે ચર્ચા વિચારણા કરવામાં આવશે.



કેન્દ્રમાં મોદી સરકારના ૧૨ વરસ પૂર્ણ થવાના અવસરે ભાજપ દ્વારા અવિરત ૧૨ વરસ વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણના અભિયાન શરૂ કરવામાં આવનાર છે. જે સંદર્ભે રાષ્ટ્રીય સંયોજકની પણ નિમણુંક કરવામાં આવી છે. ૧૨ વરસ દરમિયાન એનડીએ સરકારે કરેલા લોક કલ્યાણના કાર્યો અંગે લોકોને માહિતગાર કરવા માટે આગામી દિવસોમાં દેશવ્યાપી સેવા અભિયાન શરૂ કરવામાં આવશે. જેની રૂપરેખા તૈયાર કરવા માટે આગામી ૧૦ મી જુનના રોજ દિલ્હી ખાતે એનડીએ શાસિત તમામ રાજયોના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની એક મહત્વપૂર્ણ બેઠક બોલાવવામાં આવી છે. જેનુ નેતૃત્વ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતીન નવીન કરે તેવી શકયતા જણાઈ રહી છે. લોકસભાની સામાન્ય ચુંટણીના આડે હજુ ૩ વરસ જેટલો સમય બાકી છે. છતાં અત્યારથી જ ભાજપ પ્રેરિત એનડીએ ગઠબંધને ચુંટણીની તૈયારીઓ આરંભી દીધી હોય તેવુ લાગી રહ્યુ છે. એનડીએ સરકારને ૧૨ વરસ પૂર્ણ થવાના અવસરને સેવા અભિયાન તરીકે ઉજવણી કરવામાં આવશે. આગામી ૧૦ જુને દિલ્હીમાં મળનારી એનડીએ શાસિત રાજયોના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીની બેઠકમાં ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહેશે.

# બનાસકાંઠા જિલ્લાની દિયોદર ચુંટણી વિવાદમાં આવી: ચુંટણી અધિકારીનું બીપી હાઈ થતા ચુંટણી રખાઈ મુલત્વી

પ્રતિનિધિ,ગાંધીનગર

બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકા પંચાયતની પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી લઈને છેલ્લા ૪ દિવસથી ચાલી રહેલો રાજકીય તણાવ આજે નાટકીય વળાંક પર પહોચ્યો હતો, ચુંટણી પ્રક્રિયા દરમિયાન જ ચુંટણી અધિકારી તેમજ દિયોદરના પ્રાંત અધિકારીની તબિયત અચાનક લથડતા ચુંટણી મુલત્વી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ચુંટણી અધિકારીનુ બ્લડ પ્રેશર અચાનક વધી જતા તેમને તાત્કાલીક સારવાર માટે પાલનપુરની બનાસ મેડીકલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા




છે. આ ઘટનાને પગલે ચુંટણી પ્રક્રિયા અટકાવી દેવામાં આવી છે અને તાલુકા પંચાયતની પ્રમુખ અને ઉપપ્રમુખની ચુંટણી હાલ પુરતી મુલત્વી રાખવામાં આવી છે. આ સમગ્ર ઘટનાક્રમ બાદ દિયોદર તાલુકાના રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. તાલુકા પંચાયતમાં કોંગ્રેસ પાસે સ્પષ્ટ બહુમતી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ત્યારે કોંગ્રેસના આગેવાનો અને કાર્યકરો દ્વારા સત્તાધારી ભાજપ અને સરકારી તંત્ર સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. કોંગ્રેસનો આરોપ છે કે બહુમતી હોવા છતાં ચુંટણી પ્રક્રિયા અટકાવવા માટે રાજકીય દબાણ ઉભુ કરવામાં આવી રહ્યુ છે. છેલ્લા ૪ દિવસથી ચાલી રહેલા રાજકીય ધમસાણ વચ્ચે ચુંટણી મુલત્વી રહેતા કોંગ્રેસી કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો હતો. તો બીજી તરફ સમગ્ર મામલો હવે પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. સ્થાનિક લોકોમાં પણ વિવિધ પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. હવે ચુંટણીની નવી તારીખ કયારે જાહેર થશે તે મુદ્દે સૌની નજર તંત્ર પર ટકેલી છે.

# પ્રેમ લગ્ન કરનાર યુવતીના પરિવારજનોનો યુવતીની સાસરેમાં જઈને હુમલો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના વડસર ગામના સોલંકી ફળિયામાં રહેતા વિશાલ સોલંકી હૈદરાબાદની આઈટમ કંપનીમાં નોકરી કરે છે. માંજલપુર પોલીસ સ્ટેશન નોંધાવ્યો છે ગત તારીખ ૨૦-૧૨-૨૦૨૫ ના રોજ વિધિ સુખલાલ પાટીદાર (રહે. ચીખલી ગામ, તાલુકો જીલ્લો, ડુંગરપુર રાજસ્થાન) સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પરંતુ હું અનુસૂચિત જાતિમાંથી અને વિધિ સામાન્ય જાતિમાંથી હોય વિધીનો પરિવાર આ લગ્નથી રાજી ન હતો. ગઈકાલે હું મારી પત્ની તથા પરિવારજનો ઘરે હતા તે સમયે બપોરે ૩ વાગે મારા પત્નીનો મોટો ભાઈ શ્યામ દરવાજો ખખડાવતો હતો અને બૂમો પાડતો હોવાથી મેં દરવાજો ખોલવાની ના પાડી હતી. શ્યામ તથા તેની સાથે આવેલા મોહિત પાટીદાર અને અન્ય વ્યક્તિએ ભેગા થઈ ઘરનો દરવાજો તોડી નાખ્યો હતો. તેઓ મને ગાળો બોલી માર મારવા લાગ્યા હતા. તેઓએ મારી પત્નીને ઘરની બહાર ઢસડી જઈ અપહરણ કરવાનો પ્રયત્ન કરતા હતા. દરમિયાન અમારા ફળિયાના લોકો ભેગા થઈ જતાં ત્રણેય ભાગી ગયા હતા.